Barcode - 99999990834823
Title - Chirage marafat atale marafatno divo bhag-1
Subject -
Author -
Language - gujarati
Pages - 237
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 083482

# ચીરાગે માઅરફત

એટલે

# મારફતનો દીવો

## ભાગ પહેલો

ખાસ ઇસ્માઇલી ભાઇઓના માટે

ઉપયોગી ધામીક પુસ્તક

નકલ એક ૧૦૦૦

ગ્રંથ કર્તા તથા પ્રસીધ્ધ કર્તા

અબદુલરસુલ સુલેમાન માસ્તર

ખારાધર—કરાચી.

સને ૧૯૧૪

કીમત એક રૂપીઓ

**गूजरात विद्यापीठ ग्रंथालय**

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૪૮૮૨ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय ૫૭૨૧

# ચીરાગે માઅરફત

એટલે

# મારફતનો દીવો

## ભાગ પહેલો

ખાસ ઇસ્માઇલી ભાઇઓના માટે
ઉપયોગી ધાર્મીક પુસ્તક

નકલ એક ૧૦૦૦

ગ્રંથ કર્તા તથા પ્રસીદ્ધ કર્તા

અબદુલરસુલ સુલેમાન માસ્તર
ખારાધર—કરાંચી

શને ૧૯૧૪

કીમત એક રૂપીઓ

# પુસ્તક મળવાનું ઠેકાણુ.

આ પુસ્તક નીચેના ઠેકાણુથી રોકડા કીમતે મલી સકસે ટપાલ ખરચ જે પડશે તે વિશેષ લેવામાં આવશે.

અબદુલરસુલ સુલેમાન માસ્તર,
ઠે—ખારાધર, શ્રી કરાંચી.

વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૪૯૯૨

આ પુસ્તક શને ૧૮૬૭નાં એકટ ૨૫ પ્રમાણે રજીસ્ટર કરાવી સર્વે હક કર્તાએ પોતાના સ્વાધીન રાખ્યા છે

શ્રી નેશનલ પ્રેસ, મધે એ. ખ. સીધવાએ છાપ્યું છે.
કેમ્પ—કરાંચી

# અર્પણ પત્રિકા.

નેકનામ પરમ સ્નેહી,

આલીજાંહ શેઠ અલીદીનાભાઇ અલીમાહમદ

શ્રી કરાંચીના ચીફ ખોજા ઇસ્માઈલીઆ કાંઊન્સીલના

માનવંતા પ્રેસીડંન્ટ સાહેબ.

કરાંચી.

મુરબ્બી સાહેબ.

આપ શ્રી ઇસ્માઇલી દીનના એક પુરા આગેવાન હોવાથી પોતાના દીન-બંધુઓ તરફ અત્યંત દીલશોઝ દર્શાવનાર સખી ગ્રહસ્થ તરીકે સંપુર્ણ રીતે માનને લાયક છો તેમજ આપના પુન્ય વડવાઓ ને પગલે ચાલી આપણા માનવંતા હાજર ઇમામ મઉલાના આગા સુલતાન માહમદ શાહ દાતાર જી. સી. એસ. આઇ. જી. સી. આઇ. ઇ., એલ. એમ. ડી. વીગેરે તરફ અચળ ભકિત ભાવ તથા વફાદારી ધરાવો છો વળી સરસ્વતી અને તેના સેવકોને સત્કાર કરવામાં પ્રીતીમાન છો વીગેરે આપ સાહેબની લાગણીથી ભરપુર સદગુણો તથા ખાસ કરી ઇસ્માઇલી ધર્મની ચડતી માટે થતી દરેક કોશીશને તન, મન, અને ધનથી સહાય કરો છો અને તેજ સુત્રને અનુસરી નીસ્પૃહ વૃત્તિથી મારી સાથે ધાર્મિક સ્નેહ જોડી આ પુસ્તક સબંધી કિમતી મદદ કરી છે તે સ્નેહનુ બંધન વધારે મજબુત બનાવવા આપના તરફ આન્તરીક સ્નેહથી આકર્ષાઇ આ "ચીરાગે મારફ્ત યાને માર-ફતનો દીવો" નામે આ લઘુ પુસ્તક ઘણા સ્નેહ અને માન સાથે આપને અર્પણ કરી કૃતાર્થ થાઉ છુ.

હું છું આપનો

નમ્ર સેવક,

અબદુલરસુલ સલમાન માસ્તર

ગ્રન્થ કર્તા

# દીબાચો.

આ પુસ્તક જેનો ફેલાવો ખાસ કરી આપણા દીન ભાઈઓ શીઆ ઇમામી ઈસ્માઈલીઓ સારૂ અંકાએલો છે. અમો ઉમેદ રાખીએ છીએ કે દરેક ઇસ્માઈલી મુરીદને મઝકુર કીતાબ વાંચવાથી ઘણો ફાયદો થશે કારણ કે આપણો ઈસ્માઈલી ધર્મ જે અસલથી ઇસ્લામ મઝહબની એક મોટી બુલંદ નામવર શાખા છે તેની ઉંચી મંઝલ જે ઉમદા રૂહાની વિચારો ગોઠવેલાં છે. તે આ પુસ્તકના મઝમુન વાંચવાથી માલમ થશે, આત્મા અને શરીર વચે કેટલો ફેર છે તેમજ આત્માં બુલંદ આકાશ ઉપર રહેનાર કેવી ઉત્તમ વસ્તુ છે. અને ત્યાંથી નીચે ઉતરી આ ખાકી પાજરાંમાં આવી બધ પડયો છે, અને કયાં સુંધી બંધીખાનામાં રહેશે, પછી કયાં જશે અને કેવી રીતે આઝાદગીને પહોંચશે વગેરે ખુલાશાઓના ટુંકસાર એહેવાલ આએ પુસ્તક માંથી માલમ પડશે.

વળી મઝકુર પુસ્તકમાં સર્વેથી વધારે ધ્યાન ખેંચનાર એ ખુબી છે કે દરેક બએતની માએના અને મતલબ સીવાય પવિત્ર જ્ઞાનના પાઠો એક અથવા બે અથવા વધારે દાખલા તરીકે કહેલા છે.

આપણા સર્વે વાંચક ઈસ્માઈલી ભાઈઓને સારી રીતે રોશન હશે કે લાંબી મુદત થયાં આવા પુસ્તકની ઘણી જરૂર હતી, જે આ પુસ્તકના બાંહાર પડવાથી ધારેલી આશા પાર પડેલી જોઇ તમામ હમદીન બીરાદરો ખુશી થશે. કારણ કે આ પુસ્તક વાંચવાથી આગલની ઉદભવેલ ઉત્કંઠા મટી જશે અને ખુશી હાંસલ થશે.

આએ પુસ્તકનું નામ "ચીરાગે મારફત" રાખવામાં આવ્યુ છે. કે જેનો અર્થ "મારફતનો દીવો" થાય છે. અને જે વાચવાથી ઈનસાનને મારફતની સમજુતીની રોશનીનો રસ્તો હાથ લાગશે મકોલાના પીર શમસ તબ્રેઝના "કુલીઆત" નામે ફારસી પુસ્તકમાંથી ( ૧૨૫ ) પાઠો આએ અમારા પુસ્તકમાં સંગ્રહ કરેલા છે. અને મઝકુર પાઠોનું વર્ણન નીચે પ્રમાણે છે

(૧) શબ્દાર્થ (૨) આખા પાઠની માયના
(૩) મતલબ (૪) જ્ઞાને શરીફના પાઠો

ઈનશાહ અલ્લાહ આ પુસ્તક વાચવાથી અનેક ફાયદાઓ પ્રપાત થશે તેનાં અંદર કાંઈ પણ શક નથી બાતુનના ફાયદા ખાસ કરી તે માણુસને સારૂ છે કે આવા મારફતી બોલો ને દીલની અંદર ગ્રહણ કરી અને તેના ઉપર અમલ કરે મગર સાધારણ રીતે પણ આ પુસ્તક વાંચવાથી ઓછામાં ઓછા આ નીચે બતાવેલ ફાયદા જરૂર હાસીલ થશે.

( ૧ ) ફારસી ભાષા શીખવાનો સારી રીતે લાભ મલી શકશે.

( ૨ ). બઈતો સારી પેઠે સમજુતી સાથે અને શબ્દાર્થ સુધાં દીલ ઉપર યાદ રહી શકશે.

( ૩ ) જ્ઞાને શરીફના પાઠો જે દાખલા તરીકે આપેલા છે. તે વાચવાથી સમજુતી તથા અકલમાં વધારો થશે તે સીવાય એવી રીતે બીજા . ઝાહેર તેમજ બાતુનના અનેક ફાયદાઓ આ ઉમદા પુસ્તક વાચવાથી હાંસલ થશે, એમા કાંઈ શક નથી. આએ પુસ્તક આલમા

તથા વાએઝ કરનારાઓ તથા મોશનરીઓ વર્ગને સારૂ પણ એક મોટી મદદનું સાધન થઈ પડશે.

અમારૂ આ પુસ્તક તઇયાર કરવામાં અમોને અમારા કેટલાક દોસ્તો અને હમદીન બીરાદરોએ મદદ કરી છે. તે સર્વેનો અમો આ ઠેકાણે ખરા અંતઃકરણથી આભાર માનીએ છીએ. ખાસ કરીને સીંધ પ્રાંતના મીશનરી સાહેબ મી૦ હુસેનભાઇ પીરમહંમદે પોતાનો અંખડ મીત્ર ભાવ સાચવીને મહેરબાની નો રાહ આએ પુસ્તક તપાસવામાં ઘણીજ મહેનત લઈ ગ્નાને શરીફના પાઠો નવેસરથી લાગુ કરી મઝકુર પુસ્તકના મઝમુન ને સારી રીતે શોભાયમાન, ખુબીવંત, અને લીઝીઝ બનાવ્યું છે તેથી હું મારા ખરા અંતઃકરણથી તેવણ મીશનરી સાહેબનો આભાર માનુ છું.

છેવટે આ હકીકત શેવેક સર્વે દીન ભાઈઓના હકમાં દીરાઝ ઝીંદગી, વ તનદુરસ્તી વ ઇમાનની સલામતી ઇચ્છી દુઆ કરે છે કે મઉલાના હાઝીર ઇમામ આએ તમામ ન્યામનો આપણા હમદીન ભાઇ ઈસ્માઈલી મુરીદોને નસીબ કરે આએ વિનંતી સાથે હું મારી ગુફતાને ખતમ કરૂં છું અને ભુલ ચુકને માટે માફી માગું છું.

લસ્અલામ યાઅલી મદદ

ખારાધર, કરાચી.

લી. સેવક

અબદર રસુલ સુલેમાન

કર્તા

આ "રતનલ" પ્રેસ, કરાંચી મધે એ ખ સ.ધવાએ છાપ્યુ છે.

# ચીરાગે મારફત

## ભાગ પહેલો

---

૧—દીલદર ઇન દુનિયાં મબંધ દુનીયાએ ફાની બુગઝરદ
. નઉબતે પીરી દર આયદ' નવ જુવાની બુગુઝરદ.

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| દીલ | જીવ | નઉબતે | વખત |
| દર | અંદર | પીરી | વરધ્ધાવસ્થા |
| ઇન | આ | દર | અંદર |
| દુનિયા | સંસાર | આયદ | આવશે |
| મબંધ | નહિં બાધ | નવ | નવી |
| દુનિયાએ | આ સંસાર | જવાની | જુવાની યુવાવસ્થા |
| ફાની | ફના થવાવાળું | બુગઝરદ | ગુજરી જશે |
| બુગઝરદ | ગુજરી જશે | | |

### માયના

તમે પોતાનું દીલ આ સંસાર સાથે ન બાંધો આ સંસાર ફના થવાવાળો છે તમા નવી યુવાવસ્થા ગુજરી જશે અને વરધ્ધાવસ્થાનો વખત આવી પહોંચશે.

## મતલબ

તમે પોતાનું દીલ આ સંસારના રૂપ રંગ અને જીસમાની લીજતમાં ન બાંધો કારણકે આ સંસારની હયાતીના ચાર દિવસ ગુજરી જશે અને યુવાવસ્થા વ્યતિત થઇ વરધાવસ્થાનો વખત આવી પહોંચશે જેમ આ જુવાની કાયમ રહેવાની નથી તેમજ આ સંસાર પણ કાયમ રહેવાનો નથી તે વિષે પવિત્ર જ્ઞાનમાં પણ ફરમાવેલ છે કે

## જ્ઞાનનો પાઠ

એજી ઉગમ્યા સોહી દીન આથમ્યા, ફુલ્યાં સોહી કરમાયે
ચુણીયા મંદિર ભાંઇડણી પડે હારે, જનમીયા સોહી મર જાવે હરે
મન ભમરા તું લોભીઆ

પાઠ ૨. એજી દુનીયા હે દો દીનકા દેખણા, સો દુનીયા દેખી મત ભુલો
દુનિયાની સંગતે જે જીવ ભુલ્યા, તે ફીરી ફીરી દુનીયામા
જુલ્યારે-રે ધારી ઉર
વકંધ ભાર વહીને છુટો આગળ મારગ વસમું દિસોજીરે રાજા દીસો

---

**૨.—અઇકે ધારી બાગ બુસ્તાન માલો મુલકો મ મલકત**
**મુલ્ક તો વઇરાને ગરદંદ બાગ બાની બુગઝરદ**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અઇ | ઓ | મુલ્ક | મુલક |

| | | | |
|---|---|---|---|
| કે | જે | તો | તારા |
| દારી | ધરાવો છો | વઇરાને | તાબાન |
| બાગ | બગીચા | ગરદંદ | થઇ જશે |
| બોસ્તાન | ફુલવાડી | બાગ | બગીચા |
| માલો | માલને | બાની | રખેવાળી |
| મુલકો | મુલકજે | બુગઝરદ | ચાલી જશે |
| મમલકત | ગામો | | |

## માયના

જો કદાચ તારી પાસે માલ, ધન, દોલત, બાગ, બગીચા અને ફુલવાડીઓ હશે, તોપણ જ્યારે તારો અજલ આવી પહોચશે ત્યારે સરવે માલ, મીલ્કત, ધન, દોલતને મુલક વઇરાન અને તાબાન થઇ જશે અને બગીચાની રખેવાળી કરનાર માલી પણ ઉડી જશે.

## મતલબ

કે હુશીઆર થા તારી પાસે કેટલા પણ બાગ, બગીચા, માલ, દોલત, મુલક અને ગામો હશે તોપણ જ્યારે તારૂં આયુષ્ય પુરૂં થશે. ત્યાર પછી તને આ સરવે માલ, દોલત, મુલક અને ગામોમાંથી કેવો લાભ હાંસલ થશે? તારી પછી તો સરવે માલ મીલ્કત વગેરે અસબાલ વેઇરાન અને તાબાન થઇ જશે તે વીશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવેછે કે.

## પાઠ જ્ઞાનનો

પાઠ ૧. એજી સુકાન લાગ્યોરે કેવડા હારે તુટી રેંટકી માલા
બેલ ચલતારે રહી ગયા આરે ચલ ગયા સીંચણ હારા—હારે
જેન ભમરા તું લોભીયો

પાઠ ૨ એજી કાએ ધન સંચો વીરાં સોનાનેરૂપા
માલ ધન હોએગા ભરાના રે હો પ્રાણીઆ
કાએમજીનં આરાધો.

---

૩.—અઇકે દારી ઝુહિર બાઝુ દર જહાને નામદાર
દહિરતો હમ બર સીર આયદ પહેલવાની બુગઝરદ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અઇ | એ | દહિર | વખત |
| કે | જે | તો | તારો |
| દારી | ધરાવોછો | હમ | પણ |
| ઝુહિર | જોર | બર | માથે |
| બાઝુ | હાથનું | સીર | માથું |
| દર | અંદર | આયદ | આવશે |
| જહાને | દુનીયા | પહેલવાની | જોરાવરપણું |
| નામદાર | નામાંકીત | બુગઝરદ | ગુજરી જશે |

## માયના

અગર તું આ દુનિયામાં ગમે તેટલો ઝોરાવર, પહેલવાન અને નામાંકિત હશે પણ જ્યારે તારો વખત આવી પુરો થશે ત્યારે તારૂં સરવે જોર ચાલ્યું જશે.

## મતલબ

મતલબ કે આ સંસારમાનું રૂસ્તમ પહેલવાન જેવો હુઇશ અને જગ મશહુર હુઇશ પણ જ્યારે તારી હઇયાતીના ચાર દીવસ પુરા થશે. ત્યાર પછી તારી તાકાત અથવા જુવાની વીગેરે તારે માટે ફાયદાકારક નથી યાને તે જોર તારામા રહેશે નહીં જ્યારે તારીજ તાકાત અથવા મીલકત અને જુવાની તારાજ માટે ફાયદાકારક યાને હમેશને માટે સુખ કર્તા નથી તો તેવી ફના થવાવાળી ચીજોથી દીલ બાંધવામાં શું ફાયદો છે તે વીશે જ્ઞાનમા ફરમાવેછે કેઃ

## પાઠ જ્ઞાનનો

એજી હથી હથી પરબત તોલંધે બંદે સમુદર ઘુંટ ભરે
એસો જોધે માટી રલે બંદે તું કયું ગીરભ કરે
હર ભજ લોભી બંદે ચાલણાં હી સંસાર

---

**૪.—ઇન અજલ હમ ચુઉન પુલસ્તો જાનહા ચુઉન કારવાન**
**નાગહાન બીનીં કે ઝીન પુલ કામવાની બુગઝરદ**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ઇન | આ | નાગહાન | એકાએક |
| અજલ | મોત | બીની | જોઇશ |
| હુમ | પણ | કે | જે |
| ચુઉન | માફક મીસાલ | ઝીન | તેનાથી તેના ઉપર |
| પુલસ્તો | પુલ છે | પુલ | પુલ |
| જાનહા | સરવે જીવ | કારવાની | એક મુસાફર |
| ચુઉન | મીસાલ | બુગઝરદ | ગુજરી જશે |
| કારવાન | કાફલો | | |

## માયના

આ મોત પુલના મીસાલ છે અને આ સંસારની સરવે ખલકત કાફલા મીસાલ છે તેથી બેઠાં બેઠાં એકાએક કોઇપણ એક મુસાફર ગુજરી જાયછે.

## મતલબ

કે આ સંસારની સરવે ખલકતને મોતના પુલ ઉપરથી પસાર કરવાની જરૂર છે. કોઇપણ શખ્સ એવો નથી કે જેને માથે મોત નહીં હોય. પણ સરવે ખલકત નજરે જુએછે કે એકાએક બેઠાં બેઠાં કોઇપણ શખ્સ મરી જાય છે તેના મુઆ બાદ માલ, દોલત બાગ બગીચા મીલ્કત વીગેરે શું કામનું છે તે વીશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવેછે કે:

## પાઠ જ્ઞાનનો

એજી દીસ તણી સારી દુનીયાં વહી જાવે;
તમે જીત્યાં જીત્યાં દાન કાંએ હારો.
પાઠ ૨. એજી માંહી સરેવો મંઢીલ કર બાના જા જીએ દીઅચાર
હી પરાહીઓ દેહડો તે માંહે સમર વખર સાર
એક ચલંતે દોઈ ચલીયા હીથર નરહંદો સંસાર
સાહીયાજી બી. એ. મીલાઇએ.

---

૫.—મરગસત તુરા જુઉયાન અઈ ગાફલ અઝીન તુફાન
બર કુઉહ અમલ રઉ બીન ઉન અઇશો તમાશા રા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| મરગસ્ત | મોત છે | ભર | ઉપર |
| તુરા | તુંને તારે | કુઉહ | પર્વત ડુંગર |
| જુઉયાન | તપાસ કરવાવાળો | અમલ | ઈબાદત |
| અઈ | ઓ | રઉ | જાઉં જા |
| ગાફલ | ગાફલ | બીન | જો નજર કર |
| અઝીન | તેથી તું કરતા | ઉન | તે |
| તુફાન | તોફાન | અઇશો | ખુશાલીઓને |
| | | તમાશારા | તમાસાને |

## માયના

મોત હર હમેશાં તારી તલાસમા છે માટે હે ગાફલ આ તોફાન કરતાં ઈબાદત અને બંદગીના ડુંગર પર ચડ અને નજર કરીને તે ખુશાલીઓ અને તમાશાને જો.

## મતલબ કે

મોત હર હમેશા તારી તપાસમા છે અને હમેશાં તારી પછવાડે ફર્યા કરેછે તે છતાં તું શા કારણથી ગફલતમા ગીરફતાર થયો છે બલ્કે તુને આ મોતના તોફાનની ખબર ન હોવી જોઈએ માટે ઈબાદત અને બંદગીના પર્વતપર ચડી નજર કરી જો કે ઈબાદતમા કેવી કેવી ખુશાલી અને તમાશા સમાએલા છે! ખુશાલી અને તમાશા એટલા સમાએલા છે કે તેનું વર્ણન કરવાને જીભ શકિતમાન નથી પણ જોઈ દીલમાં સમજવાનું છે માટે પવીત્ર જ્ઞાનમા ફરમાવેછે કે.

## પાઠ જ્ઞાનનો

એજી શીર ઉપર કાલ ફીરે મત ભાધુ
અબતું ચેત સવેરા કયા નીંદ સુવે મન મેરા

પાઠ ૨. સખી કહેવા સરીખો નથી કે મારો સ્વામીરે
તે તો જોવા સરીખો છે કે અવળઆનામીરે

૬ હુબીબે ખાસ યઝદાની ચનો ખુદરા નીમીધાની
બઇનો આન ચ મીમાની મુજરદ શઉ ઝમાફીહા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| હુબીબે | દોસ્ત | બઇનો | આ અને |
| ખાસ | ખાસ અસલી | આન | તે |
| યઝદાની | ખુદાનો છે | ચ | મીસાલ |
| ચ | જેમ | મીમાનિ | નથી |
| તો | તું | મુજરધ | તઇયાર નીયારો |
| ખુદરા | પોતાને | શઉ | થાઓ |
| નીમીદાની | નથી ઓળખતો | ઝ | થી |
| | | માફીહા | સર્વેની વચમા |

## માયના

ખુદાવંદ તઆલાનો તુ અસલી દોસ્ત છે પણ તું પોતાને નથી ઓળખતો તેથી તું અહીંનો કે ત્યાનો નથી પણ બંનથી જુદો છે માટે તે સર્વમાથી તું નીયારો થા.

## મતલબકે

તું ખુદાવંદ તઆલાના અસલ નુરમાંથી છે તું અસલ આલમ આરવાહમાં ખુદાવંદ તઆલાના નુરમાં સમાયલો હતો પણ આ સંસારમા આવી તું પોતાના અસલને ભુલી ગયો છે માટે તુ ખ્યાલ કરી દુનિયાના હવા હીરસ અને શોખમાં તું ફસાયલો છે તેમાંથી જુદો થા અને પોતાના અસલ મકાનમાં પહોચવાની તજવીજ કર તે વીશે પવીત્ર જ્ઞાનમાં ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ

એજી હમતમ પ્રિત બંધાણીયા, હમતમ બોલીયા બોલ,
હમ તમ દોનુ સાંહીયાં એકહે, હમશું પરદા ખોલ
હો જીરે વીરાં આપ પીછાણો આપણું, અને વેળા વીચારીને જોય
આપણું આપ પીછાણતાં, શુધ્ધ સરૂપ પાઇએ સોય,

૭ દીલા બી હદ ચનતવાની બુરીદન સુય ઉ રહરા,
કે રાહી બસ ખતર ના કસતો તો વા મુંદેવા તનહા.

| | | | |
|---|---|---|---|
| દીલા | એ દિલ | કે | જે |
| બીહદ | બે સુમાર અનહદ | રાહી | રસ્તા |
| ચ | જ્યારે | બસ | ઘણો |
| નતવાનિ | નથી શક્તો | ખતરનાકસ્તો | ખતરનાક હે |
| બુરીદન | કાપવું આવવું | તો | તું |
| સુઉય | તરફ | વા | રહી |

૪૯૯૨



| | | | |
|---|---|---|---|
| ઉ | તેનો | મુ હે | છે |
| રહેરા | રસ્તાને | વો | અને |
| | | તન્હા | એકલો |

એ મારી દીલ તું કેટલી પણ કૌશેશ કરિશ તોપણુ તેનિ તરફ જવાનો રસ્તો કદી કાપી શકીશ નહીં કારણકે તે રસ્તો ઘણોજ વીકટ અને ખઉફનાક છે અને તું પોતાના સાથીઓથી દુર રહીને એકલો પડયો છે.

## મતલબકે

તુ પોતાના દીલને એવી રીતે સમજાવો કે એ મારી નાદાન દીલ મુરશીદ સી વાય ખુદાવંદ તઆલાને મલવા સારૂ ગમે તેટલા પ્રયત્ન કરીશ તોપણુ તે રસ્તા કાપી શકીશ નહિં. કારણુકે આકેબતના રસ્તો ઘણોજ ખઉફનાક અને વિકટ છે. અને તું પોતાના હમસફી સોબતીથી જુદો થઈ એકલો રહી ગયો છે. તે વીશે પવિત્ર જ્ઞાનનમા ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એ અબદુ રહણુ અંધેરી સાથી વેરી અવગુણુ ઘાટ ગુઘારા,
બીમ એગવે કયુ મારગ પાવે તાકી ચીંતા કરો સવેરા,
અબદુ ચીંતા કરો સવેરા

૮ રફીકે રહ રવો રહ દાન તલબ કુન અંદર ઈન વાદી;
ફતાદે હર તરફ બીની ઝ ખુદ રૂઇયાન બીસી સરહા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| રફીક | સાથી | ફતાદ | પડેલા |
| રહ | રસ્તો | હર | દરેક |
| રવા | ચલનારો | તરફ | તરફ |
| રહ | રસ્તો | બીની | જોઇશ જોઇશકીશ |
| દાન | સમજુ | ઝ | થી |
| તલબ | તલબ તપાસ | ખુદ | પોતાનુ |
| કુન | કર | રૂઇયાન | આપમતીલા |
| અંદર | અંદર | બીસી | ઘણા |
| ઈન | આ | | |
| વાદિ | દુનીયા સંસાર | સરહા | માથાએ |

## માયના

સાગી અને બેલી એવો કરવો જોઇએ કે જે રસ્તા ના ચાલનારે ને ભોમીગો હોય માટે તેની આ સંસારમા તપાસ કર કારણ કે પોતાના મત મુજબ જે લોક ચાલ્યા છે તેઓને તું ત્યાં જોઇ શકીશ કે કેવા હેરાન અને સરગરદાન છે.

## મતલબકે

આસંસારમાં એવા સાથીની તપાસ કર કે જે આકબતના રસ્તાને જાણનાર અને તે રસ્તે ચાલનાર હોય કારણ કે જે લોકો વગર મુરસીદથી અને આપ બુદ્દીથી ચાલ્યા છે તેવાઓને આકબતને દીવશે તુ જોઈ શકીશ કે તેઓ કેવા હેરાન અને સરગરદાન છે જેઓ આસંસારમા પોતાના કામલ મુરશીદના પવિત્ર ફરમાનથી પુઠ ફેરવી આપ મતથી ચાલ્યા છે તેઓ કયામતમા હેરાન થાશે તે વીશે પાક જ્ઞાનમા ફરમાવે છે.

### જ્ઞાનનો પાઠ.

એજી સાથી એસા કીજીએ જે કોઈ રાહ બતાવે.
ઉનકે સંગે ચાલીએ મનમાં શક ન આવે
સુનારે વટારૂ ભાવરે મત ભુલીરે જાઓ

### જ્ઞાનનો પાઠ બીજો.

એજી મુરશીદ કામલકુ નહિ પીછાણું મોમન,
સો તો જુગમા ફીરે જેસા અંધા.

**૯ ચરાગે મારફત આખર બરફ રૂઉઝ અદર ઇન ઝુલમતા**
**ચીજુઉઇ ગઉહરે મઅની દરીન ઝુલમત અલલ અઅમા**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ચરાગે | દીવો બતી | ચીજુઈદ! | શું તપાસી કરે છે? |
| મઅરફત | મારફત | ગઉહરે | હીરો |
| આખર | શું કારણ | મઅની | અસલી |
| બરફરૂઝ | રોશનકર | દરીન | તેમા, તેનીઅંદર |
| અંદર | અંદર | ઝુલમત | અંઘોર અંધારૂ |
| ઈન | આ | અલલ | હમેશાં |
| ઝુલમત | અઘોરઅંધારૂ | અઅમા | આંધલા |

## માયના

આ અઘોર અંધારાની અંદર કેમ કરી મારફતની બતી રોશન કરતા નથી કારણ કે અસલી હીરાને કેમ તમે જોઈ તપાસી શકશો કેમકે તમે હમેશાના આંધળા છો.

## મતલબ

ઈબાદત અને બંદગી અને જીકર જેકે મારફતની બતીના મીશાલછે તેઓને કેમ રોશન કરતા નથી કારણ કે આ સંસાર અઘોર અંધારાની મીસાલ છે તેની અંદર કામલ મુરશીદ હાજર ઈમામ જો કે અસલી હીરાની મીસાલ છે તેની તલાશ કર તો તેઓની બરકતથી અને

ઇબાદત ને બંદગીના પ્રતાપથી તે તમારૂં હમેશાનુ આંધળા પણુ દુર થઈ જાય અને તારા દીલની આંખો ઉઘડી જાય જેથી મુરશીદ કામલની સાચી ઓળખાણ તમોને હાંસલ થાય જેનો દાખલો આ પ્રમાણે છે.

## જ્ઞાનનો પાઠ

સત ગુરૂ કેહેરે તે દીપક જાગીઆ જાંપસુ
તેનુ અજવાળું હોવે દીન ને રાત,
તે દીપક લેઇ દીલમાં ધરો
તો સરવે વસ્તુ આવે હાથરે,

## પાઠ બીજો

જીરે વીરા તે અંધારી રાત માંહે, કાંઈ નવ સુજે,
ત્યાં દીપક નહિ આવે હાથ,
આ સત ગુરૂ નું ફરમાવ્યુ જે નહિ કરે,
તે જાસે દોજખ ની વાટ રે,

૧૦.—વફા બર અહદશ અર ખાકી મીયાને બંદગી બરબંધ
હવાયે બસલશ અરદારી બીરાઝીન ખાકદાન બાલા

## શબ્દાર્થ

વફા પુરો વફા હવાએ ઈરાદો

| | | | |
|---|---|---|---|
| બર | ઉપર | વઅલશ | તેને મળવાનો |
| અહ્દશ | તેનું વચન | અર | અગર |
| અર | અગર | દારી | તમને છે |
| ખાહ્ી | માગતો હોય | બીરા | નીકલી આવ |
| મીયાને | કમર | ઝીન | તેથી |
| બંદગી | ઇબાદત | ખાકદાન | માટીની જગ્યા |
| બરબંધ | ઉપર બાંધ | બાલા | ઉપર |

## માયના

અગર તું ઇચ્છે છે કે તે પોતાના વચન ઉપર સાબુત અને પુરો રહે? તો તું ઇબાદત અને બંદગી માટે મજબુત કમર બાંધ અને કદાચતારો ઇરાદો તેની સાથે મળવાનો હોય તો આ બાકી જગ્યામાંથી નીકળી ઉપર ચડ

## મતલબ

મુરશીદે આલમ અરવાહની અંદર તુને જે વચન આપ્યું છે તે વચન ને તુ સાબુત રાખવા ચાહતો હોય તો તું ઇબાદત અને બંદગી માટે હીંમતથી કમર બાંધી કોશીશ કર. અગર તુ તે માલીક હકીકીને મળવાનો ઇરાદો રાખતો હોય તો આ નાપાયાદાર દુનીયામાં એવું કામ કર કે આ ફાની દુનિયામાંથી નિકળી અસલ વતનપર પહોંચી શકાય. તે વીશે જ્ઞાને શરીફમાં ફરમાવેછે

## પાઠ જ્ઞાનનો

યા ખુદાવિંદ ગીરભાવાસની વાંચા જેણે જીવે સંભારી,
તે જીવ બહેસ્ને સીધાર્યા યા ખુદાવંદ.
યા ખુદાવંદ અનેક કાજ તેના એકઠાં બીધ્યાં
તે શાહના નુર માંહે જઇ નુર સમાણા.

. ૧૧ બીયા ગર તાલબે શમસી મીસે ખુદરા ગુદાઝી દેહ.
મીસે ખુદરા બીયા ઝર કુન બઅકશીરે નઝર ખુદરા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| બીયા | આવ | મીસે | ત્રાંબું |
| ગર | અગર | ખુદરા | પોતાને |
| તાલબે | તલબ કરનાર | બીયા | આવ આવી |
| શમસી | શમસનાછે | ઝર | સોનાનું |
| મીસે | ત્રાંબુ | કુન | કર |
| ખુંદરા | પોતાને | બઅકશીરે | પારસથી |
| ગુદાઝી | ગાળવું | નઝર | મહેરબાની |
| દેહ | દે | ખુદરા | પોતાને |

## માયના

અગર તું સમ્સ તબ્રેઝની માફક મળવાની તલબ રાખતો હોય તો આવી પોતાના ત્રાંબાને ગાળી અમારી પારસ રૂપી નજરની બરકતથી ત્રાંબાને સોના જેવું બનાવ.

## મતલબ

મઉલાના શાહ શમ્સ તબ્રેઝી ફરમાવેછે કે અગર તું મારા ઈશ્કની તલબ કરતો હોય તો ત્રાબા રૂપી તારૂં ખાકી જીસમ ઈબાદત અને બંદગીથી ગાળી નાંખ કારણકે આકબતને દીવસે આજીસમ [ ત્રાબુ ] કાંઈ કામ નહીં આવે માટે ત્રાંબા રૂપી જીસમને મુરશીદની રહેમ નજરથી સોના જેવી બનાવ. તે વીશે પવીત્ર જ્ઞાનમાં ફરમાવેછે.

## પાઠ જ્ઞાનનો

એજી સતગુર પારસ મુનીવર ત્રાંબાને
ભેટેતો સોવન હોયે એક જીઆજી જીરે ભાઈરે

## જ્ઞાનનો પાઠ બીજો

જીરે વાલા જાણુ અજાણુ બચોરે ક્તારથ
સાધ છ ભાસુખ કારીરે વાલા

પારસ પડસે લોહારંગ પલટે તો જગમગ જોત
ઉજારીરે વાલા ધનરે ઘડી જો દન સંત પધાર્યા.

## ૧૨ દર આલમ જીસમાની મઅકશુ નમી બીની
## ગર પરદે ભરંદાઝી ઈન રિશ્તે શિવદ યકતા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| દર | અંદર | ગર | અગર |
| આલમ | સંસાર, ખ્યાલ | પરદે | પડદો |
| જીસમાની | જીસમાની | ભરંદઝી | લઈલે |
| મઅશુક | દોસ્ત, હકીકી | ઈન | આ |
| નમી | નહીં શકીશ | રિસ્તે | રસ્તા |
| બીની | જોઈ | શિવદ | થાય |
| | | યકતા | એક પણું એક |

## માયના

તું આ જીસમાની આલમમાં પોતાના હકીકી દોસ્તને નથી જોતો પણ તું ગફલતનો પડદો કાઢી નાંખીશ ત્યારે આખો એક રસ્તો થઈ જશે

## મતલબ

જ્યાંસુધી તું આ જીસમાની અને નફશાની લીજતોમાં ગીરફતાર છે ત્યાં સુધી તું ખુદાએ તઆલાના નુરનો તજલો અથવા પ્રકાશ પોતાના ઘટમાં કદી પણ જોઈ શકીશ નહીં પણ જ્યારે તું ગફલત રૂપી પડદો દુર કરીશ ત્યારે નુરના તજલાનો રસ્તો તારા ઘટમાં જાહેર થશે તે વીશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવેછે

## પાઠ જ્ઞાનનો

દિલમહે આયના પ્રગટ્યા સો શાહ મુખ દેખણુ જોગરે
કાટ ટલે જીભ માંહિકા તબ દર્શન કીજે ભોગરે.

***

**૧૩ સર બસર આલમ પુરસ્ત અઝ નુર ચશ્મ**
**દીદે મીબાયત કે બીનદ નુર રા**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| સર | માથું, છેડો | દીદે | આંખો |
| બસર | બીજો છેડો | મીબાયત | જોઈએ છે |
| આલમ | સંસાર | કે | જે |
| પુરસ્ત | ભરેલો છે | બીનદ | જુએ |

| | | | |
|---|---|---|---|
| અઝ | થી | નુર | તેજ |
| નુર | તેજ | રા | ને |
| ચશ્મ | આંખો | | |

## માયના

આ સંસારના એક છેડાથી બીજા છેડા સુધી ખલકતની આંખો તેજ સાથે ભરપુર ભરેલી છે, મગર તે આંખો એવી જોઈએ કે તે તેજને જોઈ શકે

## મતલબ

આખી સંસારની ખલકત એક છેઠાથી બીજા છેડા સુધી યાને સુર્યના ઉદયથી અસ્ત સુધી બધાઓની આંખો દુરસ્ત છે અને સર્વે ચીજ જોઈ શકેછે મગર તે આંખો ખુદાઈ નુરનું દિદાર કરે અને તે નુરને જોએ એવી આંખોની ઘણી જરૂર છે અને તેવીજ આંખો જોઈએ, જે મારફતના તેજને જોઈ શકે, જેનો દાખલો નીચે પ્રમાણે છે.

## પાઠ જ્ઞાનનો

તુજ માંહે સુરી જન સત હે,
નયણે ઢુંઢ કર તે હરે,
દેહા દુરીજન આપણી,
સો પુરી કસકર ભેહરે,

૧૪.— કમ ખુર ગમ દુનીયારા ઝહરસ્ત ગમે દુનીયાં;
તરીયાક ભુવદ ઇશકશ ઝુઉ ખુર કેશવી બીના.

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| કમ | ઓછુ ઘટ | તરીયાક | આક્રીણ |
| ખુર | ખા | ભુવદ | છે |
| ગમ | ચીતા ફ્રીકર | ઇશકશ | નો ઇશક |
| દુનુયારા | દુનીયાનો | ઝુઉ | માથી |
| ઝહરસ્ત | ઝેરછે | ખુર | ખા |
| ગમે | દીલગીરી ચીંતા | કેશવી | જેથાઓ |
| દુનીયાં | સંસાર | બીના | જોનાર |

## માયના

આ સંસારની ચીંતા ફીકર થોડી કર કારણ કે આ સંસારની ફ્રીકર અને ચીંતા ઝેર જેવી છે અને તે માથી મુક્ત થવા માટે ઈશક

રૂપી એકજ દવા છે માટે તે દવા વાપર કે જે ખાધાથી તારી આંખો ખુલે અને સર્વે જોવામાં આવે.

## મતલબ

આ સંસારની ફીકર અને ચીતાં થોડી કર કારણ કે તે ઈનસાનને ખુદાવંદ તઆલા પાસેથી દુર કરવા વાંળી. અને ઝેરના મિસાલ છે નો ફકત એકજ ઈલાજ ઈશક હકીકી છે માટે તુ તેમાથી ખા જેથી કરી તારી બાતુની આંખો ખુલ્લે અને બાતુની તથા ઝાહરી ખુબીઓ તારા જોવામાં આવે તેવિશે પવિત્ર જ્ઞાન ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ

તો મુનીવર ભાઈ તોઆ સત ગુર જેર ઉતારો સાચશું અને ઉસકુ કીરીયા ઓખંદ હેવે આપ.

તે ગુરૂની નીત નીત પાવલ પીવે સાચશું; તો જાઇ ઉતરે પાપરે ભાઈ

૧૫,— ઈન જાહુવ ઝરે દુનીયાં હામસ્ત હર ઉન હાને;
ચુઉન મુરગ પાઇએ હાને કેઈ ઉફતદ હર હાના.

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ઈન | આ | ચુ૩ન | મીસાલ |
| જાહુવ | વડાઇ અને | મુરગ | પક્ષી |
| ઝરે | દોલત | પઇએ | પછવાડે |
| દુનીયાં | સંસારની | દાને | અનાજ |
| દામસ્ત | જાળછે | કેઇ | કયારે |
| દર | અંદર | ઉફ્તદ | પડેછે |
| ઉન | તેમાં | હુર | હરકોઈ |
| દાને | અનાજ | દાના | ડાહયો સમજુ |

## માયના

આ સંસારની વડાઇ અને ધન દોલત તે જાળની મીસાલ છે જેની અંદર અનાજના દાણા નાખેલા હોય અને આ ખલકત પક્ષીઓની મીસાલે તે અનાજના દાણા સાઉ દોડા દોડ કરે છે મગર દાના અને હોશીયાર માણુસે તે જાળની અંદર પોતાને ક્દીપણુ ગીરફ્તાર કરતા નથી.

## [illegible]

આ સંસારની વડાઇ [illegible] ધન દોલત [illegible] જાળની મીશાલ છે જેમ શીકારી પક્ષીઓને [illegible] માટે જાળ લગાડી તેની અંદર અનાજ નાખી છોડે [illegible] ત્યારે જે પક્ષી લાલચના સબબથી તે અનાજને ખાવા માટે દોડે [illegible] જાળની અંદર ગીરફતાર થાય છે તેમ જે કોઇ [illegible] આ ચાર દીવસની વડાઇ અને ધન દોલતની [illegible] ગીરફતાર કરતા નથી જેનો મીશાલ આ પ્રમાણે.

## [illegible]ાનનો પાઠ

જીરે ભાઇ [illegible]
તબ લગ આપ સંભાળ
સબ કોઇ [illegible] જાગ હે
ભાઇ લોક કુટંબ પરીવાર

૧૬,—અઈ સુશીયે સાકી ગફલુર મી રફ ચનીન ખી પાવસર
અઝ જીસમો જાન અંદર ગુઝર બો હરદો શઉ જુયાનમા

| | | | |
|---|---|---|---|
| અઇ | એ | અઝ | થી |
| સુફીયે | સુફી | જીસમો | જીસમ કાયા |
| સાફી | સાફ | જાન | જીવ |
| ગઉહર | મોતી હીરો | અંદર | અંદક માહે |
| મી રઉ | જાય | ગુઝર | ગુજરીજા |
| ચનીન | આવી રીતે | બી | વગર |
| બી | વગર | હરદો | બેઉ |
| પાવ | પગ | શઉ | થા |
| શર | માથું | જુયાન | તપાસ કરનાર |
| | | મા | હમારી |

## માયના

એ સુફી જેવીરીતે તારૂ મોતી પાક અને સાફ છે તેવીજ રીતે તું પગ અને માથા શીવાય ચાલ્યો જા બલકે તારા જાન અને જીસમથી હાથ ઉપાડી લે અને તે સરવે શીવાય અમારી તપાશ કર

## મતલબ

અએ દીલના પાક અને સાફ સુફી જેવી રીતે અસલ તારૂં રૂહ

પાક છે તેવીજ રીતે હાલમા તુ પોતાના અહંકારને છોડી એવીજ પાક રીતે ચાલ્યો જા બલકે આ જીસમ અને જીવની પણ પરવા નહિ કર અને તે બન્ને ઉપરથી હાથ ઉઠાવી લઈ અમારીતપાશમાં નીકલ યાને એવી રીતે ઈબાદતમાં મશગુલ થાકે તં વખતે તારૂ દિલ પોતાનુ તાબેદાર થઈ જાય અને હાથ પગ કે માથાની પણ શુધ્ધ ન હોય તે વિશે પવીત્ર જ્ઞાનમા ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી દાસ દોસ નમી ખમી ચાલો. લીયો સમીઇયા બેલી ભાઈ
એક રંગાનર પતિઅણા તેની વાટ સોહેલી.

## જ્ઞાનનો પાઠ બીજો.

સુરતી શબ્દકા જ્યાં હેવાસા
ત્યાં નહિ ધરણી નહિ આકાશા

૧૭ જહદ બાચહ પઇએ દીન નઇ ઝપઇએ દુનિયાં દુઉન જાન ખુદરા ઝ પઇએ ઝર મરમાનીદ શુમા.

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| જહુદ | કોશીશ | જાન | જીવ |
| બાયદ | જોઇએ | ખુદ | પોતે |
| પઇએ | વાસ્તે | રા | નો |
| દીન | દીન સાચો | ઝ | થી |
| નઇ | ન | પઇએ | વાસ્તે પછવાડે |
| ઝ | થી | ઝર | દોલત |
| પઇએ | વાસ્તે | મ | ન |
| દુનીયાં | સંસાર | ગાફીલ | મશગુલ |
| દુકન | અસ્થિર | સુમા | તમે |

## માયના

જે કાંઇ કોશીશ કરો તે દીન [illegible] કે [illegible] આ નાપાયાદાર દુનીયા વિશે. અને [illegible] દીલ [illegible] સારી ધન [illegible] માં શું કારણથી મશગુલ કરો છો!

## મતલબ

આ નાપાયાદાર દુનીયાંને છોડી ખારા દીન માંટેજ કોશીશ કરો

બીજી કોશીશ નકામી છે. કારણકે દુનીયાંઇ માલ ધન વિગેરેનો બીલકુલ ભરોસો નથી તે ઉપર પોતાનું મન નહિ બાંધો. તે વીશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ.

તો મુનીવર ભાઇ સતગુરજીનો સતપંથી ધીઆવો સાચશું,
અને છોડો માયાની આશ-,
જેને સાચા નેહ સતગુર નરશું રહે
તો સબ કુછ તેરે પાસરે ભાઇ

૧૮— દીદેઇ દીલ બગુ શાઇદ નકુદર નગરીદ.
મી રવદ ઉમર ચદર બંધ જહાનીદ શુમા.

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| દીદેઇ | આંખો | મીરવદ | ચાલી જાયછે. |
| દીલ | દીલની | ઉમર | હઇયાતી |
| બગુશાઇદ | ખોલો | ચ | શામાટે |

| | | | |
|---|---|---|---|
| નકુ | સારીરીતે | દર | અંદર |
| દર | અંદર | બંધ | ગીરફતાર |
| નગરિદ | જુઓ | જહાનીદ | દુનીયાં |
| | | શુમા | તમો. |

## માયના

તમે પોતાની બાતુનીયાને દીલની આંખો ખોલી નજર કરી જુઓ કારણકે તમારી હઈયાતી ફોકટમાં ચાલી જાયછે. છતાં તમો શામાટે આ દુનીયામાં ગીરફતાર થઈ રહયા છો.

## મતલબ

તમે પોતાના દીલની આંખો ખોલી સારી રીતે નજર કરી જુઓ કારણ કે તમારી જીંદગી ખુદાતાઆલાની બંદગી અને ઈબાદત સિવાય ફોકટમાં જાય છે છતાં તમો શા કારણથી આ ફાની દુનીયામાં ગીરફતાર થયા છો તેનો વીચાર કરો. તે વિશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી અરધો જનમારો પ્રાણી તારો નીદરા માંહે જાય છે વણારે સેવા એજીવ તારો ખણ ખણ ખુટો

## પાઠ બીજો

એજી ઘણીંએ ઘણીંએ પલકે પલકે વીરા ભાઇ તોજા દીવસ ભરાવે, આખોટ પરી તે કીયા થકી લાવે, એવો જાંપ જ'પો જુગનુ, તો ઠામ પ્રામો આગલ મુગતીનુ

❀✶❀✶❀

**૧૯—હરકે ઉ પઇએ સેતાન શવદ ગુમરાહવ શર ગરદાન શવદ;**

**દર દશ ચબી દરમાન શવદ દીવાને ખાનીદશ શુમા.**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| હરેકે | હરકોઇ જે | દરદશ | તેનું દુખ |
| ઉ | ને | ચ | જેમ |

| | | | |
|---|---|---|---|
| પઇએ | પછવાડે | ગી | વીગર સિવાય |
| સેતાન | સેતાન | દરમાન | ઈલાજ |
| શવદ | થાય | શાદ | થાય |
| ગુમરાહ | ગુમરાહ | દીવાને | ગાડો |
| વ | અને | બાનીદશ | તેને કહો |
| શરગરદાન | હેરાન | શુમા | તમો |
| શવદ | થાય | | |

## માયના

જે કોઇ સેતાનની પછવાડે ચાલે છે તે ગુમરાહ થઈ હેરાન થઇ જાય છે કારણ કે તે દરદનો કોઇ પણ દવા નથી તેથી તમે તેને દીવાનો કહો યાને દીવાના માફક સમજો.

## મતલબ

આ દુનિયામાં જે કોઈ સેતાનના કહેવા પ્રમાણે ચાલે છે કદાચ તે ડાહ્યો કહેવાતો હોય તો પણ આકબતમાં તે હેરાન હેરાન હશે. સેતાની ખસલત રૂપી દરદની કાંઇ પણ દવા નથી તેથી તેને તમો દીવાનો કહો તો કાંઇ મોટી વાત નથી તે વીશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવેછે

સત ગુરૂ કહેરે સઐતાન તેને લોપશે જો બે જ્ઞાનની થાય;
તે જાણી બુજી છાંદો રાખસે તેને મુવા પછી મોક્ષન થાયરે; તેને

## ૨૦—અઝ ખીશતન ગર બુગઝરી દર રાહ શેઈતાન નસપુરી માંનંદે એરઉહ્‌ાનીયાન હર શબ શીવી મેહમાન માઆ

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અઝ | થી થકી | માનંદેએ | મીસાલ |
| ખીશતન | પોતાનો જીવ | રઉહાનીયાન | રૂહાનીઓ |
| ગર | અગર | હર | દરેક |
| બુગઝરી | ગુજર કરીયે | શબ | રાત |
| દર | અ દર | શીવી | થાય. |
| રાહ | રસ્તા | મેહમાન | પરોણો. |
| શેઈતાન | સેતાન | માઆ | અમારો |
| નસપુરી | નજાય | | |

### માયના

જો તું પોતાના જીવ પરથી હાથ ઉઠાવી લેશે અને સેતાની રસ્તે નહિ ચાલશે તો રૂહાનીઓનો માફક હમેશા રાતનો તું અમારો પરોણો છે

## મતલબ

જો તું આ પોતાનું સ્થલ સરીર જીસમાની ને નફસાનીચીજો તથા રંગ રાગ વિગેરે ચિ ત ભ્રમિત કરે એવી વસ્તુઓ પરથી પોતાનું ધ્યાન ખેંચી લઇ સેતાનીયત ભરેલાં કર્ત્યંવ્યો નહિ કરશે તો જેવી રીતે આલમ અરવાની અંદર અમારી સાથે તું સમાયલો હતો તેવીજ રીતે હમાણું પણ હમેશને માટે અમારો મેમાન થઇ રહીશ યાને ત્હારી સુરતી હમેશાં બ્રહમાંડમાં ફરતી રહેશે તે વિશે જ્ઞાને શરીફમાં ફરમાવ્યું છે કે.

## પાઠ જ્ઞાનનો

તો મુનીવર ભાઇ જેને કલેજે બાણ લાગ્યાં નેહતણાં
તેની દ્રષ્ટિ અવરા કેમ જાય
તેનું પીંડચાલે મ્રત લોકમાં
તેની સુરતી આકાશે જાયરે તેની :

૨૧—માનંદ હંસા એઇ પસર બુગશાવ બાલો હરદો પર
ખુશ બર શઉઆઝ દામેઝમીન બર ચરખો બર ફઇવાનમાં

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| માનંદ | મીસાલ | ખુશ | ખુશીથી |
| ઈસા | હઝરત ઇસા | બર | ઉપર |
| અઈ | એ | શઉ | થી |
| અસર | ફરજંદ | અઝ | કરતા. થી. થકી. |
| ખુગશાય | ખોલ | દામે | બંધી જાલ |
| બાલો | પાંખો | ઝમીન | પૃથ્વી |
| હરદો | બન્ને | બર | ઉપર |
| પર | પાંખરીઉ | ચરખો | આસમાન. |
| | | બર | ઉપર |
| | | કઇવાન | જગ્યા રહેવા |
| | | મા | અમ |

ઓ ફરજંદ તું પણ હઝરતઈસાની માફક પોતાની ખોલી ખુશીથી આ સંસાર રૂપી જાલમાંથી છુટી ર (બ્રહ્માંડમાં) આવી પહોચ

## મતલબ

હરઝત ઇસાપેગમ્બરની માફક તું પણ પોતાની બંન્ને પાંખો ખોલી નાખ અને પોતાના દીલની સુરતી આ ફાની ઝમીન પરથી ઉઠાવી અમારા ઠેકાણાં સુધી પહોંચાડ કે જેથી આ જગત રૂપી ફાસી

(કે જે ચારે તરફથી તને ઘેરીને બેઠીછે) તેમાંથી નીકલી અને અસલ સ્થાન પર પહોંચી શકે તેવિશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવ્યું છે કે.

## જ્ઞાનનો પાઠ

તો મુનીવર ભાઈ ભગત કસણી વિના જુગમાહે સીધ્યા નહિ
અને ભગતુને કસણી જુગમાંહે સાર
જે આ જુગની કસણી શીર સહે
તો ઉતરે પેલે પારરે : તો ઉતરેઃ

## બીજો પાઠ

સખી એટલાં સર્વે નિશાન કે મેલ્યા નીચાંરે
ભાઈ તથી ઉચેરો દેશ કે ચડવા ઉચારે

ગર આદમી ઈસા શાવી ખરબંદેઇ ઇસા ખરી
પસ અઝ ખરી ખર મીખરી ઇસા કુજા યાબી કુજા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગર | અગર | પસ | ત્યારે |
| આદમી | ઈનસાનછે | અઝ | થી થકી |
| ઈસા | હઝરત ઇસા | ખરી | ગધેડા છો |

| | | | |
|---|---|---|---|
| શોવી | થાય | ખર | નફ્સ. ગધેડો |
| ખર | ગધેડો | મીખરી | ખરીદ કરવું |
| બન્દેઈ | તાબેદાર છો | ઈસા | ઈસપેગમ્બર |
| ઈસા | હઝરત ઈસા | કુજા | ક્યાં |
| ખરી | ખરીદ કરોછો | યાબી | તને મલશે |
| | | કુજા | ક્યાં |

## માયના

અગર તુ માણુસ હોય તો હઝરત ઈસા પેગમ્બર જેવો થા પણ તું નફ્સ રૂપી ગધેડાનો તાબેદાર છે. અને તેના કેહેવા પ્રમાણે ચાલેછે; હઝરત ઈસા જેવો થવાની ઇચ્છા રાખે છે. પણતું તેવો ક્યાંથી થઇશ?

## મતલબ કે

અગરતું ખરેખર દાના માણુસ હોય? તો હઝરત ઈસા પેગામ્બર ની માફક પોતાના દીલની અંદર ચક્ષુ ખોલી પોતાના પેદાકરનારને જો પણ તું, નફ્સ રૂપી ગધેડાનો તાબેદાર છે અને તેનાજ કેહવા પ્રમાણે ચાલે છે તેથી ખુદાએ તઆલાની શોધ તું કરી શકશે નહિ યાને હઝરત ખુદાવંદ આલમીન તને મલશે નહિ તે વીશે જ્ઞાનને શરીફમાં ફરમાવે છે કે.

## પાઠ જ્ઞાનનો

તો મુનીવર આછ તે મુરખ સ્વભાવ નછોડે આપણો.
તે ગાફલ રૂહે અચેતઃ॥ઃ
તે પુર્વ જનમનો સાચો નહિ.
તે કેમ રાખે હરીસુ નેહરે. તે કેમઃ

## જ્ઞાનનો પાઠ બીજો

એજી ભગવાંતે પેહેરે શું થાએ જેના મનમાંહે મોટી હોંસરે
જાણેતો મંદીર માણશું પેસવા લાગ્યો ઉંટરે ભરમતો ભાંગે
ફેરાતો ટલે જો જઈ પુછો સત ગુરૂજી નાં જ્ઞાન.

**૨૩–ઇસા સતસરરે હક બબીન ખુદરા નમાયદ ઇન ચનીન.
ખર રા બમાનદ બર જમીન ઈસા બીરાયદ બર શોમા.**

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ઈસાસત | ઇસા છે | ખરરા | ગધેહાને |
| સરરે | ભેદ, ભરમ | બીમાનદ | છોડીદે |
| હક | ખુદા | બર | ઉપર |
| બબીન | જો | જમીન | દુનીયાં પૃથ્વી |

| | | | |
|---|---|---|---|
| ખુદરા | પોતાને | ઇસા | હાં ઈસા |
| નમાયદ | બનાવ | બીરાયદ | ઉપર ચડ |
| ઈન | એ | બર | ઉપર |
| ચનીન | પ્રમાણે | સમા | આસમાન |

## માયના

અગર તું હઝરત ઇસા જેવો થવા ઇચ્છતો હોય તો ખુદાએ તઆલાને મલવાની તજવીજ કર અને આ નફસ રૂપી ગધેડાને પૃથ્વિ પર છોડીદે હઝરત ઇસા પેગમ્બરની માફક આસમાનમાં ચડી જા.

## મતલબ

અગર તું પોતાને હઝરત ઇસા પેગમ્બર મીસાલ બનાવવા ઉત્કંઠિત હોય તો હઝરત ખુદાવીંદ આલીમના ભેદને જાણુવાની તજવીજ કર. અને ગધેડા રૂપી નફસને આ પૃથ્વિ પર છોડી આસમાન ઉપર ચડવા કોશીશ કર તે વીશે જ્ઞાને શરીફમાં ફરમાવેલું છે કે

## પાઠ જ્ઞાનનો

સબ્બી પીંડ તણી ખબર કે સઘલી વીસારીરે.
જ્યારે સુરતી ચડી બ્રહ્માંડ કે ફુટી નીસરીરે;

**૨૪–દમ ઝન ઝો ઈશ્કે ઉન અહદ ખરરા બીમાન ઝીરે લગદ ઝારા કે ઈશ્કત મી કીશદ તા બદર ગાહે કીબરીઆ.**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| દમ | દમ | ઝીરા | કારણ |
| ઝન | માર | કે | જે |
| ઝી | થી | ઈશ્કત | પ્રેમ તુંને |
| ઈશ્કે | મહોબત પ્રેમ | મી કીશદ | ખેચી લેશે |
| ઉન | તે | તા | સુધા |
| અહદ | ખુદા | બારગાહે | મકાન |
| ખરરા | ગધેડાને | કીબરીઆ | ખુદાનું |
| બીમાન | છોડી દે | | |
| ઝીરે | નીચે | | |
| લગદ | પગનીલાત | | |

## માયના

તું આ ગધેડા રૂપી નફસને છોડીદે અને દરેક દમ હઝરત ખુદાવીંદ આલમીનના ઇશ્કનો માર કે જે ઈશ્ક પોતાની આકર્ષણ શક્તિથી તુને ખુદાવીંદ આલમીનના મકાન સુધી પહોંચાડી દેશે

મા યાને શ્વાસોશ્વાસ પોતાનાં પેદા કરનાર ખુદાતાલાએ આનદમો ફરાકમાં ગુજાર અને નફસ રૂપી ગધેડાને પાયમાલ કર યાને તેના કહેવા પ્રમાણે નહિ કરતાં પોતાના સર્જનહારના પ્રેમમાં મશગુલ રહે કે જે પ્રેમ તુંને ખુદાએ તઆલાની સમક્ષ. પહોંચાડનાર છે તે વિશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવ્યું છે કે

## જ્ઞાનનો પાઠ

એજી જ્યા લગી જીવે જીવ આપણો ત્યાં લગ જીવે સબ કોઇ
જો દમ જાવે શાહકે નામસુ ભાઈ જીવણ કા ફલ સોહી;

## પાઠ બીજો

એજી મન વસગણો આપણું અને મન જીને સરવે જીન
જેણે મુનીવરે મન વસ રાખ્યુ ગુરૂ કહે સાચી તેની પ્રીત.

***

## ૨૫—પાક કુન ઝ આલાયશો આરાયશે ખુદ રાહરા
## તા શવી મકબુલ ઉન સુલતાન બી દરગાહરા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| પાક | સાફ પવિત્ર | તા | ત્યારે |
| કુન | કર | શવી | થાએ |

| | | | |
|---|---|---|---|
| ઞ | થી | મકબુલ | કબુલ લાયકી |
| આલાયશે। | પાપ રૂપી કચરે। | ઉન | તે |
| આરાયશે | હું પણું | સુલતાન | બાદશાહ |
| ખુદ | પોતે | બી | વગર |
| રાહરા | રસ્તાને | દરગાહરા | દરગાને। |

## માયના

તે બાદશાહ હકીકીના દરબારમાં જવાને ત્યારે તું લાયક થસે કે જયારે તારા રસ્તામાં અહંકાર અને પાપ રૂપી કચરો પડેલો દુર કરે

## મતલબ

આકુબતના રસ્તો અહંકાર અને પાપ રૂપી કચરાથી ભરાયેલો છે તેન ઈશ્ક રૂપી હથીયારથી સાફ કરીશ ત્યારેજ હઝરત ખુદાએ તઆલાના પાક દરબારમાં જવાને લાયક થઇશ તે માટે જ્ઞાનમા ફરમાવે છે કે

હોવે હોવેજી સાચે પાઈ ચાલોજી તો પાર પરામોજી
નહિતો ઉજડ વન ખંડી વાસો તાએલાજી

૨૯—તમએ મદાર કે ઉમરે તુરા ગરાન બાશદ
સફાત હકીયો હક રાહદોઃ ગરાન ઝી કુજા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| તમએ | લાલચ લોભ | સફાત | ગુણો |
| મદાર | ન રાખ | હક્કીયો | ખુદાનો છે અને |
| કે | જે | હક રા | ખુદાને |
| ઉમરે | હઇયાતી જીંદગી | હદો | ઠેકાણું |
| તુરા | તારી | ગરાન | સુમાર |
| ગરાન | કીનારો | ઝી | થી |
| બાશદ | છે | કુજા | કયા |

## ભાવના

તું લાલચ અને મમતા ન રાખ. તારી જીંદગી ઘણી કીમતી ચીઝ છે તેનો ભરોસો નથી કારણ કે અનહદ સફાતો અને સદગુણોથી ભરપુરછે એવા ખુદાવિંદ આલમીનના પાક નુરમાંથી ઉ થયેલો છે

## મતલબ

તું એવી મમતા નહિ રાખકે મારી હઇયાતી ઘણી મોટી થાય પણ એવો વિચાર કર કે આ હઇયાતીના થોડા દમ અલ્પ સમુદ્રમ ખલાસ થશે? એવા ડરથી અને વિચાર કરી પોતાના પેદા કર્તા જગ નિયંતા ખુદાવિંદ આલમીન કે જેની સીફતોનો આરો પાર નથી તેને મલવાને ઉત્કંઠિત થઇ તેને મેળવવા ને ભાગ્યશાળી થા. તે વિશે જ્ઞાન શરીફમા ફરમાવે છે કે

## જ્ઞાનનો પાઠ

એજી કરમ વીના કુછ હાથ ન આવે ઉસ પીછે કયું દોડો
જો આવે સો સાહેબજી ત્રુઠે સો સાહેબક્યુ કર છોડો

## બીજો પાઠ.

એજી મમતા મેલી ભુલો મત માયા નહિ આવે હર છોડે
બખત છોડી જો નીત ઉઠી દોડો તો ભાગ્ય વિના નહિ લોડો

**૨૭—અઈ ખુફતેએ રફતે રવાન વઈ સુરદેઅ નાદાદે જાન**
**બરખીઝો રફતત કારવાન અઇ દીલ દમી બીદાર શઉ**

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અઇ | અરે? ઓ? | બરખીઝો | ઉઠીજા |
| ખુફતેએ | સુતેલા | રફતત | તારા ગયા |
| રફતે | ચાલીગયેલા | કારવાન | સાથીઓ |
| રવાન | જીવ | અઈ | ઓ |
| વઈ | અને ઓ | દીલ | દીલ. |
| સુરદેએ | મરેલા | દમી | એક ઘડી |
| નાદાદે | નહિ આપેલા | બીદાર | હુશીયાર |
| જાન | જીવ | શઉ | થાઓ |

## માયના

ઓ સુતેલા અને મુરદાર બનેલા મુરદાંની મીસાલ જેના અંદર જીવ નથી એવા લોકો તમે ઉઠો કેમકે તારા સાથી બધા ચાલ્યા ગયા છે અરે દીલ તું એક ઘડી પણ હુશીયાર થા

## મતલબ

અરે અચેત ગફલતની ઉંઘના અંદર સુતેલા જેમ તારી અંદર પ્રાણ નથી એવી રીતે મુરદાની મીસાલ પડયો છે જેમ મુરદાંની અંદર જીવ ન હોય અને સુન થઇ પડયો હોય ત્યારે તું ઉઠ અને એક ઘડી પણ હુશીયારથા તારા સાથી બધા ચાલ્યા ગયા અરે મારા દીલ આ કેવી ગફલતની ઉંઘ છે જેનો મીસાલ જ્ઞાનને શરીફમાં ફરમાવે છે

## પાઠ જ્ઞાનનો

એજીરે ભાઈરે બહોત નીંદરા ભલી નવ હોવે
એ કોઈ કામ ન સીજે
અઈસારે કામ કરો તમે બંદા
જીસથી સાહેબ રીઝે

## પાઠ બીજો

એજી સબ સાથ લથો વરખાં દે છાયડે
એમેદે ભાઇડા, એ, છાંયડે.
ચલણુ વીસાર્યા વીર કુસાથીઆ

**૨૮–આઇ ખુફ્તે દર ખાબે ગુરૂર મસ્તો ખરાબો અઇશાસુર આગેહ નહિ અઝ હાલ ગુઉર અઇ દીલ દમો બીદાર શઉ.**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અઇ | ઓ | આગેહ | ખબરદાર |
| ખુફ્તે | સુતેલા | નહિ | નથી |
| દર | અંદર | અઝ | થી |
| ખાબે | સ્વપનું | હાલ | હકીકત |
| ગુરૂર | મગરૂર | ગુઉર | કબર |
| મસ્તો | મસ્ત અને | અઇ | ઓ |
| ખરાબો | ખરાબ અને | દીલ | જીવ |
| અઇશા | ખુશી | દમી | એક ઘડી |
| સુર | હમેશાં | બીદાર | હુશીયાર |
| | | શઉ | થા |

## માયના

ઓ મગરૂરી રૂપી ઉંઘના સ્વપ્નામાં મસ્ત થયેલ જીવ!! તુ નકામી ખુશીમાં પડયો છે કારણ કે કબરના અહેવાલથી તું અજાણ્યો છે માટે ઓ દીલ એક ઘડી પણ જાગરત થઇ હુશીયાર રહે.

## મતલબ કે

ઓ ગફલતથી મગરૂરી રૂપી નિદ્રાના સંસાર રૂપી સ્વપનામાં

નકામી ખુશીની અંદર મસ્ત થયેલા જીવ તું કબર માંહેની વિપ-તીથી અજાણછે માટે હમણાંજ ચેત અને આ ગફલત રૂપી નીદ્રામાંથી જલદી જાગ્રત થઈ એક ઘડીમાં સર્વે જંજાલ છોડીદે. તે વીશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

એજીરે ભાઈરે ઉઠ બંદા તુંકાંએ સુતા
તમને સુવણ ભલાં નવ હોવે
જાગ તણા સાહેબ સબ કોઇ પામે બંદા
સુતા ન પામે કોઇ

## બીજો પ ઠ.

એજીરે ભાઈરે એજ ત્રિમાસબ હે મુજે ભારી, નજાણુ કીઅહો એસો ઘોરે અંધારી ગાહેજ રહેણું બદા એકલડો તીયાં રહેશે.

૨૯—બર ખાક ચંઘીન મરદો જન ચુઉન બુગઝરીત અને મઝ અંદાશે ફ્રુન અન્તે વતન અઇદીલ દમી બીદાર શઉ.

## શબ્દાર્થ

બર ઉપર અંદીશે અદેશો

| | | | |
|---|---|---|---|
| ખાક | કબર | ફુન | ફર |
| ચંદીન | અનેક | અન્તે | આખર |
| મરદો | મરદ | વતન | સ્વદેશ |
| ઝન | સ્રી ઓરત | અઇ | ઓ અરે |
| ચુકિન | જ્યારે | દીલ | જીવ |
| બગઝરી | નીકલવું ગુઝરકરવું | દમી | એક ઘડી |
| ત અને | મહેણું ટેકા | બીદાર | હુશીયાર |
| મઝન | નહી માર | શકિ | થા |

## માયના

અનેક મરદો અને ઓરતોની કબરો પરથી જ્યારે તું ગુઝરકરે ત્યારે તે કબરોને જોઇને મહેણું ટેકા નહિ માર યાને હસ નહિ પણ દીલમાં અંદેશો કર કે આખર સર્વેને એક વખત એજ વતનપર જવું છે એવા વીચારથી દીલને કહેકે. ઓ દીલ? એક ક્ષણ ભરમાં આ સંસારની ગફલત માંથી હુશીયાર થા.

## મતલબ કે

જ્યારે તું કબરસ્તાનમાં નીકલે ત્યારે તું દીલમા એવો વિચાર નહિ કર. કે આસર્વે મરદો અને ઓરતો મરી ગયાં છે. અને હું હયાત છું પણ દીલમાં અંદેશો કર કે. આ નાપાયાદાર દુનિયાં માં કેટલો એક વખત જીવશું પણ એક વખત આખર વતને

પહોંચવું પડશે માટે તું દીલને સમજાવકે એ દીલ આસંસારની ગફલતમાંથી એક દમ હુશીયાર થા તે વિશે જ્ઞાને શરીફમા ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ.

એજી લખપતી છત્રપતિ ચલગયા હારે ચલગયા લાખ દો લાખ,
રાજ કરંતા ગોખે બેસંતા જલ બલ હો ગયા ખાક,
હારે મન ભમરા તું લોભીયો.

૩૦—બીનગર કે ચંદીન પાદશાહ અઝ તખ્ત ઉફતાદે બચાહ
બા હસરતો ચંદીન ગુનાહ અઈ દીલ દામી બીદાર શઊ

| | | | |
|---|---|---|---|
| બીનગર | નઝર કર | બા | સાથે |
| કે | જે | હસરતો | ઉમેદો |
| ચંદીન | કેટલાએક | ચદીન | અનેક |
| પાદશાહ | બાદશાહ | ગુનાહ | દોષ |
| અઝ | થી | અએ | એ |
| તખ્ત | ગાદી આશન | દીલ | દીલ |
| ઉફતાદે | પડી ગયા | દીમી | એક ઘડી |
| બચાહ | કુવામાં | બોદાર | હૂશીયાર |
| | | શઉ | થા |

## માયના

ધ્યાન કર. કે મોટા મોટા અનેક બાદશાહો પોતાની ઘણી ઉમેદો તથા બુરા પાપની વાસનાઓ સાથે પોતાના તખત પરથી પડી જમીન માહેના કુવાઓમાં સમાઈ ગયાછે માટે. એ દીલ આ સંસાર માં એક પલ હુશીયાર થા. અને જાગ્રત રહે.

## મતલબ કે

તું નજરકરી જો કે સીહાસન તખતપર આરૂઢ થવાવાલા અનેક બાદશાહો કે જેઓ છત્ર પતિ ચક્રવર્તિ કહેવાતા અને દુનીયામાં જેના નામની દુવાંઈ ફરતી તેઓ પોતાને માથે પાપરૂપી ગાંઠડો બાંધી પોતાની ઉમેદો સહિત આ જમીન માહેના કુવામાં યાને કબરમાં પડી ગયાછે માટે. એ દીલ ગફલતની નિંદ્રા માથી જાગ્રતથા. તે વિશે પવિત્ર ગીનાનમા ફરમાવેલ છે કે.

## જ્ઞાનનો પાઠ

એજી એવા અનેક રાજાતો મરી મરી ગયા
તેતો મેલીગયા ગરથ ભંડારહો: એ ભંડાર.

૩૧–સરતા પાઆ બરહને બાજે ઉરમી બાયદત
રફતન બગુર.
નઝર બકાર આયદ ન ઝુઉર અઇ દીલ દીમી બીદાર શઉ.

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| સર | માથુ | ન | નહિ |
| તા | સુધી | ઝર | સુવર્ણ માથા |
| પાઆ | પગ | બકાર | કામમાં |
| બરહને | નાગો | આયદ | આવશે |
| ખાજે | શેઠ | નઝુઉર | જોર પણ નહિ |
| ઉર | સફા નાગો | અઇ | અરે |
| મી બાયદત | તને જોઇએ | દીલ | દીલ |
| રફતન | જાવું | દીમી | એક ઘડી |
| બગુઉર | કબરમાં | બીદાર | હુશીયાર |
| | | શઉ | થા |

## માયના

એ. શેઠ તુને પણ એક વખત પગથી તે માથા સુધી ઉઘાડ થઇને કબરમાં જવું પડશે તે વખતે તારી દોલત અને તારૂં જોર કાંઇ કામ નહિ આવે માટે એ મારાદીલ. આ દુનિયાંમાં એક પલ તુ હુશીયાર થા અને જાગરત રહે.

## મતલબ

એ શેઠ. આ સંસારમાંથી બીજા સર્વેની માફક તુંપણ. એક દીવસ પગથી તે માથા સુધી નાગો થઈ યાને તનહે તન્હા

કબરમાં ચાલ્યો જઇશ. તે વખતે તારી માયા દોલત કે જોર કાંઇ કામ આવનાર નહિ આવે માટે એ મારા દીલ ગફલત રૂપી નિંદ્રામાંથી જાગરત થા તે વિશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવે છે કે.

એ સભાગા નાગો તુ આવ્યોને નાગો તું જાહશે
કુછ નાહ નીખસી નામ સભાગા.

## બીજો પાઠ

એજી નાગો તુ આવીયો બંદે ઢકીઆ કયુ લોણે
હલવઈ કમાવે સો પલવઈ કીયુ ખોવે
પાપ કરી સત દરમકુ છોણે
બરમે મત ભુલો રે ભાઈ નમી ચાલો મરણા
શી ફાયત રસુલ કી શીફાઆત મોહમદકી
જુઠેસુ દરણા ભાઈ ખોટેસુ દરણા
બરમે મત ભુલોરે ભાઇ નમી ચાલો મરણા.

૩૨–અંદીશે કુન અઇ ગશ્તેપીર અઝ હાલ સુનકરવઝ નીકીર.
કુન જા ફીરૂ માની અસીર અઇ દીલ દોમી બીદાર શઉ.

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અંદીશ | અંદેશો | કુન | જેતે |

| | | | |
|---|---|---|---|
| કુન | કર | જા | જગ્યાએ |
| અઇ | ઓ | ફીરૂ | હેઇરાન |
| ગશ્તે | થયેલા | માની | રહી |
| પીર | બુઢા | અસીર | ગીરફતાર |
| અઝ | થી | અઇ | ઓ |
| હાલ | અહેવાલ | દીલ | દીલ |
| મુનકર | મુકીર ફીરસ્તો | દીમી | એક ઘડી |
| વઝ | થી અને | બીદાર | હુશીયાર |
| નીકીર | નકીર ફીરસતો | શઉ | થા |

## માયના

તું અંદેશો કર કારણકે તું હવે બુઢો થયોછે. છતાં પણ મુઠીર અને નકીર કે જેવણ કબરમાં પુછવામાટે આવે છે તેનાથી તું અજાણ રહેયો છે. પણ જ્યારે તે વખત આવી લાગસે ત્યારે તું તેના હાથમાં કેદી તરીકે ગીરફતાર થઇશ માટે ઓ મારી દીલ આ સંસાર ના મોહ રૂપી નિંદ્રામાંથી જલદી એક ઘડી જાગરતથા

## મતલબ

તું કબરનાં દુ:ખો માટે દીલમાં અંદેશો કર કારણકે તું બુઢો થયોછે પણ કબર માંહે પુછવા આવનાર મુકીર અને નીકર વીષે તું બીલકુલ અજાણયો છે જ્યારે પુછવા આવશે. ત્યારે તું પોતાને કેદીની

મીસાલ તેનાહાથમાં ગીરફતાર જાઇશ ત્યા હેઇરાન અને સરગરદાન રહી જઇસ. માટેઓ દીલ સંસારની ગફલત રૂપી નિદ્રામાંથી જલદી એક ક્ષણમાં જાગરત થા. તે વિશે જ્ઞાને શરીફમાં પણ ફરમાવે છે

### પાઠ જ્ઞાનનો

એજીરે ભાઇરે ગોર અંધારીમાં વીસમાછે દાઢી, એકલડો તીયા રહેશે,
કોઇ જણા મીલી પુછવાને આવે બંદા, સીયા ઉતર તેને દેસો.

**૩૩–બીદાર શઉ બીદાર શઉ દર ઇન જહાન બીદાર શઉ**
**દર કાર હકે દર કાર શઉ અઇ દીલ દીમી બીદાર શઉ.**

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| બીદાર | હુશીયાર | દર | અંદર |
| શઉ | થા | કાર | કામ |
| બીદાર | હુશીયાર | હકે | સાચું ખુદા |
| શઉ | થા | દર | અંદર |
| દર | અંદર | કાર | કામ મશગુલ |
| ઇન | આ | શઉ | થા |
| જહાન | દુનીયા | અઇ | ઓ |
| બીદાર | હુશીયાર | દીલ | દીલ |

શક્ર થા દોમી એકઘડી
બીદાર શક્ર હુશીયાર થા

## માયના

હુશીયાર થા હુશીયાર થા આ દુનીયાંની અંદર હુશીયાર થા અને સાચો અને હકક એવો જે ખુદા વિંદ આલમીન તેની મુલાકાતના કામ માટે મશગુલ રહેઃ એ મારી દીલ એક ઘડી ગફ્લત રૂપી નિદ્રામાંથી જાગ્રત થાઃ

## મતલબ

આ દુનીયાની અલ્પ હઇયાતીમાં ગફ્લત રૂપી નિંદ્રા છોડી હુશીયાર થાઃ હુશીઆર થા અને ઇબાદતથી ખુદાવિંદ આંલમીન ને મલવા માટે મશગુલ થા અએ દીલ આ સંસાર સ્વપ્નાનાથી જાગ્રત થઇ હુશીયાર થા તે વિશે જ્ઞાને શરીફ્માં ફરમાવે છે.

## જ્ઞાનનો પદ

યારા કરીયો મોમન મન ધીરાઈરે હુશીયાર જહુવો
યારા એમહી વીચારો મારા ભાઈરે
શાહ પદર થીઓ યારા કુડીસા. હીઃ દુનીયાં આહીરે
મન મહાવ સરેવો

## જ્ઞાનનો પાઠ બીજો

એજી હુશીયારી હુશીયારી ચેતો મોરા ભાઇ
નજીક આવીયા છેરા જીરે;

**૩૪—હીન બ હકીકત નીગર દર સરફે ઈન બીશર**
**અઝ દીલ ખુદ દુઉર કુન નકશો ખીયાલ્લા તરા**

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| હીન | હવે | અઝ | થી |
| બ | તરેફ | દીલ | દીલ |
| હકીકત | સાચો | ખુદ | પોતે |
| નીગર | નઝરકર | દુઉર | છેટે |
| દર | અંદર | કુન | કર |
| સરફે | બરકત | નકશો | નકશો |
| ઈન | આ | ખીયાલાત | વીચારો |
| બીશર | મનુષ્ય | રા | ને |

### માયના

હવે તું હકીકત તરફ ધ્યાન કરી જો. અને દુનીયાઇ ખ્યાલો કે જે તારા સાંમે નકશા માફક જોવામાં આવે છે તેને આ મનુષ્યદેહ

ખરીને પોતાના દીલમાંથી દુર કર

## મતલબ

તુને આ મનુષ્ય દેહી મલી છે માટે વિચાર કરી હકીકત રૂપી સાચા રસ્તા તરફ ધ્યાન કર અને આ સંસારના ઝાહેરી રસ્તાઓ તથા અલ્પ વાસનાઓ કે જે નકશા મીશાલ તારી સામે છે તેને પોતાના દીલમાંથી એકદમ દુર કર જેની વિશે પવિત્ર જ્ઞાનમાં ફરમાવે છે.

## પાઠ જ્ઞાનનો

સત ગુર કહેરે માનબા દેહી સરીખી તું પામ્યો,,
ભાઈકાંઇ ન જાણીઆ મુગતિનુ ભેદ,,
એ માણક મોટો સું ઉ થયો,, જો અંતર ન પડયો છેદેરે,,
ભાઈ અંતર

## ૩૫—બુવદ દીલ દર મીસલ આહનચ અઝતો યાબદ ઉસએકલ

**શવદ નકશે હમે દર વઇ ચકા ચક ઝાહેરો પઈદા**

## શબ્દાર્થ

બુવદ છે શવદ થાય

| | | | |
|---|---|---|---|
| દીલ | દીલ | નકશે | નકશો |
| દર | અંદર | હમે | સવે |
| મીસલ | જેવું | દર | અંદર |
| આહન | લોહ વજર | વઇ | તેને |
| ચ | જયારે | ચ ાચક | એકાએક |
| અઝતા | થીતારાથી | ઝાહેરા | રોશન |
| ચાબદ | મલે | પઈદા | પેદા થવું |
| ઉ | તેનો | | |
| સએકલ | પાલીસ | | |

## માયના

આ તારૂં દીલ સખ્ત વજર જેવું છે પણ જયારે તારી અંદર નમ્રતા રૂપી પાલીસ દાખલ થયેલી ત્યારે તેની અંદરના પાક પવિત્ર નકશાઓ એકાએક તું જોઈ શકીશ,

## મતલબ

ઈનસાનનું દીલ વજર લોહસરીખું સખ્ત છે પણ જયારે ઈબાદત બંદગી રૂપી પાલીસ વજર રૂપી દીલ પર થશે ત્યારેજ ભીતરમાં સમાયેલ પવિત્ર નકશાઓ યાને ખુદ ઈ નુર ને જોઈ શકશે તે [illegible] જ્ઞાને શરીફમાં ફરમાવ્યુ છે

## જ્ઞાનનો પાઠ

એજી ખડગ સરાણે ઉજલા અને નીરે ઉજલા ચીર
તેમ મોમન મન જ્ઞાનાને ઉજલા. એમ ઓલીયા સમસ પીર

### ૩૬–રવાન રા દર તો મી બીનમ ઝહાન રા દરતો મી બીનમ બબીન દર ખુદતો અઈ નાદાન ઝ ખુદ આગેહ શીવો દાના

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| રવાન | જીવ શ્વાસ | બબીન | જો |
| રા | ને | દર | અંદર |
| દર | અંદર | ખુદ | પોતાને |
| તો | તારો રી-રૂં | તોઅઈ | તું અરે |
| મી બીનમ | જોઉં છું | નાદાન | બે અકકલ બેવકુફ |
| ઝહાનરા | દુનીયાંને | ઝ ખુદ | પોતાથી |
| દર | અંદર | આગેહ | ખબરદાર |
| તો | તારે | શીવો | થા અને |
| મી બીનમ | જોઉં છું | દાના | હુશીયાર |

### માયના

જેવી રીતે તારા ખોલીયામાં જીવ છે તેવીજ રીતે તેજ તારી

કાયામાં આખો સંસાર છે તે તમે જોઈ શકતા નથી એ નાદાન તું પણ પોતાંની અંદર જોઈ ખબરદાર થા.

## મતલબ

જેવી રીતે તું તારા જીસમમાં તારૂં રૂહ જોઉં છું તેવીજ રીતે આ સંસાર જેવોજ બીજો સંસાર તારા જીસમમાં છે પણ તું નાદાન છે તેથી તું પોતાને અંદર જોઈ શકતા નથી માટે પહેલા તું પોતાના આત્માનું સંશોધન કર અને ખબરદાર થા. તે વિશે પવિત્ર જ્ઞાને સરીફમાં ફરમાવ્યું છે.

## જ્ઞાનનો પાઠ

એ અબદુ ઘટમાંહે રિદ્ધ સિદ્ધહે અને ઘટમાંહે અનહદ ચાલા
ઘટમાંહે બાગ લગાઈઆ બાબુ ઘટમાંહ સીંચણ હારા.
અબદુ ઘટમાહે

એ અબદુ ઘટમાંહે નવ ખંડ પૃથ્વી ઘટમાંહે હે કવલાલા.
ઘટમાંહે સાત સમુદ્રકા વાસા સો ગુરૂ બીના જાય પ્યાસા અબદુ

**૩૭—ઝ ગંજે ખુદ જુદા મુફલસ. હમીશે બીનવા મુફલીસ અઝ અઅતાએ ખુદામુફલીસ.અઝીન હઝરત દર ઈન ગીબરા**

## શબ્દાર્થ

ઝ થી અઝ થી

| | | | |
|---|---|---|---|
| ગંજે | ખજાનો | અઅતાયે | બક્ષીસ |
| ખુદ | પોતે | ખુદા | ખુદા |
| જુદા | દુર | મુફલીશ | ફકીર |
| મુફલીશ | ફકીર | અઝીન | તે પાસેથી |
| હમીશે | હમેશાં | હઝરત | મોટામોંટો |
| બીનવા | ગરીબ | દર | અંદર |
| મુફલીસ | ફકીર | ઇન | આ |
| | | ગીબરા | દુનીયાં |

## માયના

તું પોતાના ખરા ખજાનાથી દુર થઇ કંગાલની માફક રહેલોછે; ખુદાવિંદ આલમીનની મહેરબાની અને બક્ષિશસીવાય આ દુનીયામાં મીસ્કીન થઈ રહેલો છે પણ તે મહેરબાની મેલવવાને આ સંસારમાં કયાં સુધી રહીશ.

## મતલબ

તું પોતાના આકુબતની દઉલત થી જુદો થઈ ફકીર મીસ્કીન ના માફક રહેલો છે કારણ કે ખુદાવિંદ આલમીનની મહેરબાની અને બક્ષિશ થી બે નસીબ રહેલો છે પણ હવે આ સંસારમા તેવી રીતે બે નસીબ કયાં સુધી રહીશ. તે વિશે ગ્રાંને શરીફમાં ફરમાવે છે.

# જ્ઞાનનો પાઠ

સત ગુરૂ કહેરે સબ જુગ દેખીયા નીરધના અને ધનવંતન
દેખીયા કોઇ
ધનવંત વાંક આબીએ જેની પ્રિત પીયા મુ હોયરે જેની

૩૮—તુંઈ ગોઉહર. અગર. વરઝી કમ. અઝ.
સંગી. અગર. અરઝી.
તુંઇ. સરવર. અગર. રાની .અગર. માની. શીવી. બી. પાઆ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| તુંઇ | તુ છે | તુંઇ | તું છે |
| ગઉહર | હીરો | સરવર | સરદાર |
| અગર | અગર | અગર | અગર |
| વરઝી | સાફ કરીશ | રાની | હલાવશે ચલાવશે |
| કમ | ઓછું | વગર | અને અગર |
| અઝ | થી | માની | રહીજાઇશ |
| સંગી | પથ્થર હો | શીવી | ધાઇશ |
| અગર | અગર | બી | સીવાય વિગર |
| અરઝી | સુલતમારૂંછે | પાઆ | પગ |

## માયના

અગર જો તું પોતાને સાફ કરીશ તો હીરાની માફક છે

નહિતો પથ્થર કરતા તારી કીમત કમતી થશે પણ તું સ્વચ્છ વર્તન ચલાવીશ તો બાદશાહ થઈશ, નહિતો મોહતાજ થઇ ઇયા પડી રહીશ;

## મતલબ

જ્યારે હીરાને પાલીશ કરીને ઉજ્વલ કરે છે ત્યારેજ તેને સર્વ કોઈ પીછાણી શકે છે પણ જરાં સુધી સ્વચ્છ થયો નથી ત્યાં સુધી પથ્થર મીસાલ હોય છેતેમજ તુ પણ હીરાની મીસાલ છે માટે તું ઇબાદત અને બંદગી રૂપી તેજાબથી પોતાના રૂહને સાફ કરીશ તો તેમાથી અસલ સત્ય પ્રકાશ નીકલશે. અને નફસ રૂપી ઘોડાને જ્ઞાન રૂપી લગામથી ચડાવી તેને બરાબર ચલાવીશ તો દુનીયાં અને આંકુબતનો બાદશાહ થઈશ અગર ગફલતની નિદ્રામા પડીશ તો આ દુનીયામાં મોહતાજ થઇ અને ફાકટનો ગોથાં ખાઈશ તે વિશે જ્ઞાને શરીફમા ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી કન સહીને કસોટી સહેજો ભાઈ મારા જીવડાને
દુઆગમ દેજો રૂડા મોમન ભાઇજી
જાગો જાગોરે મત સુમીયો, ઘડીએ ઘડીએ દન પોતાજી.

**૩૯—અઇ ચ સુરગ અઝ હીરસ પરાન દર હવાયે દાનેઈ,**
**ચહ ગરદે દાને ગરદી બીગર આખર દામ રા**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અઈ | એ | ચંદ | કેટલો |
| ચ | મીસાલ | ગરદે | પછવાડે |
| મુરગ | પક્ષી | દાને | દાણો |
| અઝ | થી | ગરદી | ફરીશ |
| હીરસ | હીરસ | બીગર | નઝર કર |
| પરાન | ઉડવું | આખર | અંતે |
| દર | અંદર | દામ | ફાંસી |
| હવાયે | વાસતે સારૂ | રા | ને |
| દાનેઈ | દાણો | | |

## માયના

પક્ષીની મીસાલ અનાજના એક દાણા સારૂ પોતે હવામાં ઉડે છે પણ આખરની ફાંસી સામે નજર કર અને વીચાર કર કે એક દાણા પછવાડે કયાં સુધી તું દોડીશ.

## મતલબ

તું પણ પક્ષીઆની માફક લાલચની પછવાડે હીરસની હવામાં ઉડે છે પણ કેટલે સુધી દોડાદોડ કરીશ કારણ કે આખર તો તું મોત રૂપી ફાંસીમાં ફસાઈ જઈશ માટે તે ફાંસી તરફ નજર કરી જો તે વિશે જ્ઞાને શરીફમાં ફરમાયે છે.

# જ્ઞાનનો પાઠ

એજી પરતક વલોગને ફાસ માંડી અને પંખીડાં બેસવાને જાયરે
એક પોતાને સંસો પડયો અને બીજાને ભાર ટંગા અરે
ભરમતો ભાગીએ ફેરા તા ટલે જો જઈ પુછો સત ગુરૂજીને જ્ઞાનઃ

## ૪૦—જુગદ વાર અંદર ખરાબીએ જહાન મઅવા મકુન
## તા શીવી ભાઝો પરી બર દસ્ત શહેનશાહ રા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| જુગદ | એકજાતનું પક્ષી (ગીધપક્ષી) | તા | ત્યારે |
| વાર | માફક જેમકે | શીવી | થાય |
| અંદર | અંદર | ભાઝો | બાજ પક્ષી |
| ખરાબીએ | ખરાબ | પરી | ઉડે |
| જાહાન | સંસાર | બર | ઉપર |
| મઅવા | જગ્યા | દસ્ત | હાથ |
| મકુન | નહિ કર | શહેનશાહ | બાદશાહનો બાદશાહ |
| | | રા | ને |

## માયના

ગીધ પક્ષી માફક આ ફાની અને નુકસાનીથી ભરેલ દુનીયામાં રહેવાનું ન કર પણ જેમ બાજ પક્ષી શહેનશાહોના હાથ પર બેસે છે તેવીજ રીતે પોતાની બેઠક શહેનશાહના હાથ પર કર કારણકે તું પોતે બાજ છે.

## મતલબ

તુ ગીધ પક્ષી જેવો મુરદા ખાવાવાલો નથી પણ અસલ બાજ છે એટલે આલમ અરવાહમા અનલ નુરમા તુ સમાયેલો હતો અને હજી પણ તેજ નુરમાંહેથી છે માટે બાજ પક્ષીની મીસાલ હકીકી બાદશાહ હજરત મઉલનાહાઝર ઇમામના હાથ પર બેસવાની પોતાની જગ્યા કર જ્યારે આપણ આ સંસારમા સર્વ ગુન્હાથી પોતાને સાફ રાખી શકે તોજ તે હકીકી બાદશાહની દરબારને લાયક થસો તવિશે પવિત્ર ગ્નાનમાં ફરમાવ્યુ છે

## ગ્નાનના પાઠ.

એજી કેસર સિંહ સ્વરૂપ ભુલ્યા અજા કેરે સંગ અજા હોઈ રહયા
એસેરે ભરમમે જીવુંકુ ભુલીયા ભરમ સબ છાડી ભાઇ અલી
અલી કરના.

## ૪૧—વર રૂખે ખુદ સુરખ મીખાહી બરાએ આખરત.
## દર ગઝાયે નફ્સ પઈકારી દર અફ્કન રાહેરા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| વર | અને અગર | દર | અંદર |
| રૂખ | મ્હોં | ગઝાયે | ખોરાક |
| ખુદ | પોતાના | નફ્સ | મનના |
| સુરખ | રાતા લાલ | પઈકારી | લડાઈ |
| મીખાહી | માંગતો | દર | અંદર |
| બરાએ | વાસ્તે | અફ્કન | ખરાબ ખ્યાલ |
| આખરત | આકુબત | રાહેરા | રસ્તામા |

### માયના

અગર તું પોતાનુ મો આકુબતની દીવસે લાલ ગુલાબી શોભિત રાખવા માગતો હોય તો આ નફ્સનો ખોરાક જંગ અને ફીસાદ ને પોતાના રસ્તામાંથી કાઢી નાખ.

### મતલબ

અગર તું આકુબતમા પોતાનું મ્હો સુશોભીત અને ગુલાબી રાખવાની ઇચ્છા ધરાવતો હોયતો લડાઈ ફીસાદના નફ્સ રૂપી ઘોડાને ખોરાક નહિ આપ યાને તે નફ્સના કહેવા પ્રમાણે નહિ ચાલે પણ

જો ચાલીશતો ખરાબીમાં પડીશ. અને કીઆમતને દાહાડે ઘણો સરમિંદો થાઇસ જેના મીસાલ નીચે પ્રમાણે છે.

## જ્ઞાનનો પાઠ

એજી જેજોની તેજો ભંધા જે હુંધ કતીયાઇ
તસુ ભા સરતીઅન વીચમે મરકી મહીયાઇ,,
સાહા જોમની અડા તીનીખે જેકે સુભુ અડે જાગન,,

## ૪૨—ગર ચ યુસફ જાવો ગાહ મુલક મીખાહી સીપાહ.
## હમ ચ ઉયક ચંદ મસકન સાઝ કહેરે ચાહરા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગર | અગર | હમ ચ | માફક |
| ચ | મીસાલ | ઉ | તેનો |
| યુસફ | હઝરત યુસફ | યક | એક |
| જાવો | જગ્યાનું ઓ | ચંદ | વખત મુદત |
| ગાહ | દોલત | મસકન | જગ્યા બેઠક |
| મુલક | મુલક | સાઝ | બનાવો કરો |
| મીખાહી | માગે છે | કહરે | તલીઉ |
| સીપાહ | લસ્કરી માણુસ | ચાહરા | કુવાની |

## માયના

જો કદાચ તું હઝરત યુસફ પેગામ્બરની માફક માલ મીલકત ધન દોલત અને લસકર ને ઇચ્છિતો હોય તો તેની માફક કેટલાએક વખત સુધી પોતાનું રહેઠાણ કુવામાં કર

## મતલબ

જો કદી તુ હઝરત યુસફ પેગમ્બરની માફક માલ મીલકત ધન દોલત અને વડાઈ આકુબતના સારૂ ઇચ્છતો હોય તો આ સંસાર જે અંધારા કુવાની મીસાલ છે તેની અંદર ઇબાદત અને બંદગી સાથે કોશીશ કર અને આ નફસની ચાહેના અને ખાહેશોને મુકીદે ત્યારેજ તું તે પ્રમાણેનો જગા તમે હાંસલ કરી શકીશ જેનો મીસાલ જ્ઞાને શરીફમાં ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ

એજી જુમલોજી પુછે આપણા જીવુના પીરૂંને
અમરા પુરીનાં ઘર છે કેવા જી
એજી સોનાની ઇંટડીઉ ને રૂપાના થંભજી
સાઓ કસ્તુરી કેરાં ગારાજી
એજી એવાં એવાં મોલ આપણે અલ ખેડિપાયાજી
કકણી કમાવો તો એ ઘર પામોજી

## ૪૩—હીન બીઆ જારૂબ રા બરદાર ઇબ્રાહીમ વાર પીશ રૂ રૂબ અઝ ફ્લક તા રૂય મોહરે માહરા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| હીન | હમણા | પીશ | આગળ |
| બીઆ | આવો | રૂ | મો |
| જારૂબ | બુઆરી | રૂબ | સાફકર |
| રા | ને | અઝ | થી |
| બરદાર | ઉપાડીલે | ફલક | આકાશ |
| ઇબ્રાહીમ | હઝરત ઇબ્રાહીમ તા | | સુધી |
| વાર | માફક | રૂય | મોહ |
| | | મોહરે | સૂર્ય અને |
| | | માહરા | ચંદ્ર ને |

### માયના

હમણાં આવો હઝરત ઇબ્રાહીમ પેગમ્બરની માફક બુઆરી લઈ પોતાના મોઢા આગલથી સાફ ને પાક કર આકાસ અને સુરજ ચંદ્ર છે ત્યા સુધી

### મતલબ

હમણા તું આવ બુઆરી ઇબાદત ને બંદગીની લઇ હઝરત ઇબ્રાહીમ પેગમ્બરની માફક પોતાના ઘટની અંદર એવી રીતે સાફ

ને પાક કર જેથી તારી ઈબાદત ને બંદગી આકાશ અને ચંદ્ર ચુરજ સુધી પહોચી શકે યાને જ્યારે આ સંસારનાં સર્વે કર્મોથી તું પાક ને સાફ થશે. ત્યારેજ તારી સુરતી આકાસ સુધી પહોચશે જેનો દાખલો આ પ્રમાણે છે જાને શરીફમાં ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ.

એજી અજંપીઆ જાંપ ભાઇ જીસ ઘટ ભીતરજી
સોઇ ઘટ હોસે ઉજાસ

## બીજો પાઠ.

એજી ઘટ ઉજાસો તો પાપથી નાસોજી
હરીને જંપા તે સાસ ઉસાસ

## ૪૪—ચુન તો ઉન મરદાનગી કરદી સઝાવાર આમદી ઘર ઝની બર ફર્ક ગરદન ખઇમે વો ખરગાહ રા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ચુન | જ્યારે | ઘર | અગરે |
| તો | તું | ઝની | મારસો |
| ઉન | તે | બર | ઉપર |

| | | | |
|---|---|---|---|
| મરદાનગી | મરદ પણું | ફર્ક | માથે |
| કરદી | કરશો | ગડદ્દન | આકાશ |
| સઝાવાર | લાયકી | ખઈમે | તંબુ |
| આમદી | આવસો | વા | અને |
| | | ખરગાહ | જગ્યા |
| | | રા | ને |

## માયના

જ્યારે તું એવી મરદાની કરશે અને તેના દરબારને લાયક થશે ત્યારે અગર તું માથે આકાશના ઉપર બી તંબુ અથવા જગ્યા કરસે તો બની શકશે અને તેથી પણ ઉચો જઈ શકીશ.

## મતલબ કે

આ સંસારતી અંદર અગર તું એવી મરદાનગી કરસે જેવી ઉપર દેખાડવામાં આવેલ છે તો આસંસારની અંદર જીસ માની અને નફસાની કુરમોથી પોતાને બચાવી લે ત્યારેજ તે બાદશાહ હકીકીના દરબારના લાયક થઈ શકીશ ત્યારે અગર તું આકાશ ઉપર અથવા તેથી પણ ઉપર જગા કરસે તો તારાથી બની શકશે જેની મીસાલ ગ્નાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી ઉચે ચડું મે ઉંચ ચડું
ચડી જોઉં સત ગુરૂની વાટડી આજી

## પાઠ બીજો

એજી જેની વાંગી છે જ્યાં   ંનાટણુચા છે ફેરાજી.
નુરાની ખુરાકે મોમન ભાઇ ચડસોજી.

*

૪૫—ધરૂને દીલ સફરી કુન અગર ખુદા તલબી
ઝ ખુય ખુદ ગુઝરી કુન બજુય ખુય ખુદા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ધરૂને | તેના અંદર | ઝ | થી |
| દીલ | દીલ | ખુય | ખસલત |
| સફરી | મુસાફરી | ખુદ | પોતે |
| કુન | કર | ગુઝરી | મુકીદે |
| અગર | અગર | કુન | કર |
| ખુદા | ખુદા | બજુય | તલાશ કર |
| તલબી | તલાશ કરોછો | ખુય | હેવા |
| | | ખુદા | ખુદાની |

## માયના

અગર તું ખુદા તાલાને તલબ કરનાર છો તો તું પોતાના દીલની પોતાની ખસલત મુકીને અંદર મુસાફરી કર અને પોતાની ખસલત મુકીદે ખુદા તાલાની ખસલતને હાંસલકરવાની તજવીજ કર

## મતલબ

અગર તું ખુદા તાલાને તલબ છે અથવા તલબ કરનારો છે તો તું પોતાના દીલની અંદર ખ્યાલ અને વીચાર કરી જુવો અને પોતાની આ દુનીયાની ખસલતો અને હાલતને મુકી દે અને જે જે ખસલતો અને હેવાના ખુદા તાલાને મખલુકની છે તે હાંસલ કર ત્યારે તું તે ખસલતોની તલાશ કર જે ફરીસ્તા લોકોની છે ત્યારેજ તું ખુદા તાલાના તેજના પ્રકાશને જોઈ શકીશ જેવીશે જ્ઞાન શરીફમાં ફરમાવે છે.

## શબ્દાર્થ

એજી રકીસર તેજે રતનને પછાણે
અને કાચની વારત તજેજી
સત પથ મધ્યે ધ્યાન ધરીને
અલખ પુરૂષને ભજેજી
જોગેશર જોગકા મરમ કોઇ ન જાણેજી

## ૪૬—બદાન કે અર્શ ખુદા હસ્ત કલબ ઇનસાની
## કે નાગહાન પનહાન મીશવદ દર ઉ પૈદા

### શબ્દાર્થ

| | | |
|---|---|---|
| બદાન | સમજ | કે |
| કે | જે | નાગહાન |
| અર્શ | અર્શ | પનહ |
| ખુદા | ખુદાનો | મી |
| હસ્ત | છે | દર |
| કલબ | દીલ | ઉ |
| ઇનસાની | મનુષ્યની | પૈદ |

### ભાવના

તું સમજ ખુદા તાઆલા નો અર્શ
છે તે એકાએક અને રીતે છુપી પણ જાય
થઇ શકે છે.

### મતલબ

ખુદાએ તઆલા નો અર્શ તે ઇનસાનના
તું સમજ રાખ તે આ દુનીઆના કર્મોના કા
છે અને ઇબાદત અને બંદગી અને જીકરની

ગુ કરી શકે છે ત્યારે જે સખશ આ દુનીયાના કર્મોની
ફતાર છે તેના દીલની અંદર છુપી જાય છે અને જે સખશ
ની ઝીકરની અંદર હંમેશા રહે છે તેના દીલની અંદર હંમે
ને રોજ બરોજ અનુર પ્રકાશ નો વધારે થતો જાય છે
ના ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

ર વીરા મારા વંસ એ મઉલાના
અલ્લાહ
નીહારીએ એમુ ભાઈડા
નુર કેડા આવા
રાજા
યાજી

કે હઝેરૂન હઝાર બીશસ્ત ઉ
કે હમીશે યેકસ્ત નુર ખુદા

### શબ્દાર્થ

| | | |
|---|---|---|
| એક | દુઇ | એ |
| નહીંજા | મબીન | નહીંજા |

| | | | |
|---|---|---|---|
| કે | જે | કે | જે |
| હઝોરૂન | હજારોથી વધારે | હમીશે | હમેશાં |
| હઝાર | હજાર | ેકસ્ત | એકજ છે |
| બીશસ્ત | વધારે છે | નુર | પ્રકાશ |
| ઉ | તે | ખુદા | ખુદાનો |

## માયના

તેને એક કરીને નહિ જો જેમ તે હજારો હજાર થી પણ વધારે છે અને બે પણ કરી તેને નહિ જો કારણકે ખુદા તાલાનો પ્રકાશ હર હમેશા એકજ છે

## મતલબ

ખુદાએ તાઆલાને એક ઠેકાણુ અને એક કરી નહિ સમજવો જોઇએ કેમકે તે હજારો હજાર બલકે લાખો કરોડોથી પણ વધારે છે તેમ તું ખુદાએ તાઆલાને બે કરી નહિ સમજ કેમકે ખુદાએ તાઆલાના તેજનો પ્રકાશ હર હમેશા એકજ છે જેમ હઝરત રસુલનો નુર બીજો અને ઝમાનાઇમામના નુર ત્રીજો ને એમ પણ નહિ સમજવું તે નુર એકજ છે તે સરવે ઠેકાણુ પ્રકાશ કરે છે કયામત ના દિવસ સુધી આજ પ્રમાણે એકજ નુર છે ને ઝહુર કરે છે ને કરશે જેવીશે જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

હોજીરે ભાઇ જેમ આકાશે નુર છે
અને ચો દશ માહે પ્રકાશ
તેમ ઘટોઘટ સ્વામી રાજા વશી રહીયો
હું જ્યાં જોઉં ત્યાં પાસ
એજી સઉ સઉ નામે શાહ અલી એક ભણીજે
આંહી સુજાણીઆ સોહી કીરતાર
એજી એક નુર માહેથી શાહ પીર હુવા
તેને કેમ કરી કહીએ જુવા જુવા એબી તયે તમે

## ૪૮—ન ગુઇયશ કે વજુદાસ્ત રામ્શા તશ્બીઝી વજુદ મુતલક હક્કસ્ત એતકાદ નમા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ન | નહિ | વજુદ | વજુદ |
| ગુઇયશ | તંને કહો | મુતલક | સાચો ને ખરો |
| કે | જે | હક્કસ્ત | ખુદાનો છે |
| વજુદાસ્ત | માણસના જેવું | એતકાદ | એકીન |
| રામ્શા | રામ્શા | નમા | કર, લાવ |
| તશ્બીઝી | તશ્બીઝનોરહીશ | | |

## માયના

તું એમ નહિ કહો જે શમ્શ તબ્રેઝના મુલકનો રહેવાશી ઇનસાન ના મીસાલઇનસાન છે તે તહકીક સાચો નુર ખુદાએ તાઆલાનો છે તે તમો સાચી એકીનથી ખરો કરી સમજો.

## મતલબ

તમે નહિ કહો જે શાહા શમ્શ તબ્રીઝના મુલકનો રહેવાશી જે ૨૯ મા ઇમામી ઇસમાઈલીઓના શાહા ઇમામના તરફથી નીમેલા પીર હતા, તે ખુદાએ તાઆલાના નુરપાકશમાથી નથી તમે બાત્રીથી તેને તહકીક ખુદાએ તાઆલાના નુરના પ્રકાશ સમજો જેમ જ્ઞાને શરીફમા ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ

સત ગુરૂ કહેરે નુરે મંગીર ઝમારીઆ
અને નુરે ઝમીઓ આસમાન
નુર માંહેથી નુર પ્રગટયા
ભાઇ તેનુ સત ગુરૂ નામરે

## ૪૯—અમન મબીન કે હીઝારાન હીઝાર બીશમ મન.
## મજુઉય હદ્દો કીનારો શીમારો હુશન મરા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| બમન | મને | મજુઉય | તપાશ નહિ કર |
| મબીન | નહિ જો | હદ્દો | હદ નીસાની |
| કે | જે | કીનારો | કાંઠો ને |
| હીઝારાન | હજારો | શીમારો | સુમાર હદ ને |
| હીઝાર | હજારથી | હુશ્ન | શોભા |
| બીશમ | વધારે છુ | મરા | મારી |
| મન | હું | | |

### માયના

એવી રીતે મને નહિ જો કે, હું હજારો હજાર કરતાં પણ વધારે છું તેમ અમારી હદ અને કીનારા તથા શોભા સાંમે પણ જો નહિ.

### મતલબ

અમારા આ મનુષ્ય રૂપી સ્થુલ શરીરને નહિ જુઓ કારણકે અમારા ખેલ અને રૂપ હજારો હજાર યાને અનહદ છે અને તે એટલા છે કે તેનો હદ યા સુમાર યા કિનારો આવી નથી શક્તો

તેમ તેમ અમારા રૂપ નુ પણ સુમાર નથી અને અમારા કુધરતનુ પણ પારનથી જેમ જ્ઞાને શરીફમા ફરમાવેછે.

## જ્ઞાનનો પાઠ

યા ખુદા વંદ અનત કલપ માહે આગે તુંહીજ હોતા
તારો અન્ત શાહ તુંહીજ જાણે યા ખુદા વીંદ યા ખુદા વીદ

## પાઠ બીજો

એજી યાદ ઉણીયાદ તારી ઉતપત રચના કેણે તરો મરમ
ન જાણ્યો હો શાપ્રીજી
મો અલ્લાહ ગુણ તેરા પીયા ગુણ તેરા યાશાહ ગત ગુણ
બોહોત હમેરાજી
મમ ગુનાહ બંદેકા ફજલ કો મોરા સાઈયાંજી.

**૫૦—બહર નબીઓ વલી દીન ચનીન ગુફતંદ,**
**કે બીનઝીરોમો બીમસાલ દર જમાલ સફા.**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| બહર | હરકોઈ | કે | જે |
| નબીઆ | પેગમ્બરોને | બીન ઝીરીમો લાશાની છીયે | |

| | | | |
|---|---|---|---|
| વલી | રૂષીઓને | બીમસાલ | બેમસાલ |
| ઈન | આ | દર | અંદર |
| ચનીન | પ્રમાણું | જમાલ | સોભા |
| ગુફતંદ | કહેતાહુતા | સફા | સફાઇ |

## માયના

હર કોઇ નબી તથા વલી એવી રીતે કહેતા હતા કે અમો સફાઇની અંદર બે મીસાલ અને લાશાની છીયે.

## મતલબ

હર કોઇ પેગમ્બર અને રૂષીઓને અમારા સારૂ એમ કહેતા હતા કે અમારા કોઇ શાના શરીક નથી અને અમારા નુરનો તીજલો ને હુસન સુ શોભીત સોઉથી વધારે છે એના સારૂ અમાર જેવો કોઈ નથી અને અમે સોઉથી ન્યારા અને જુદા છીએ જેના મીસાલ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી નુરને તેજે અલી આગતા
સ્વામીના તેજે સામું ન જોવાયજી

## બીજો પાઠ.

એજી સ્વામીએ સરીખો રાજીયો
નહિ કોઇ થયો નહિ કોઇ થાસેજી

**૫૧–ગમાનો હઅવત જુમલે બુદસ્ત રાસ્ત યકીન,**
**અઝાન કે ઉન હમે મન બુદે અમ અઝુ તનહા.**

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગમાનો | એકીનને | અઝાન | સબબ, કારણ |
| હઅવત | બોધ | કે | જે |
| જુમલે | સોઉના | ઉન | તેઓ |
| બુદસ્ત | થએલછે | હમે | સઉ |
| રાસ્ત | ખરી, સાચી, | મન | હુ |
| | | બુદેઅમ | અમે હતા |
| યકીન | વિશ્વાસ | અઝુ | તેઓથી |
| | | તનહા | એકલો, ન્યારો |

### માયના

તેઓ સઉની એકીન ને બોધ સાચો ને ખરો થએલછે કારણ કે તેઓ સઉની સાથે હુંજ હતો અને તેઓથી ન્યારો પણ હતો.

## મતલબ

તે સરવ પેગમ્બરોનોં યકીત ને બોધ સાચો ને ખરો હતો ને બરાબર હતો, જે કોઈ મારાથી આગલ આ સંસારની અંદર પેદા થઈ બોધ કરતા હતા તો સર્વે પેગમ્બરોની સાથે છુપી રીતે હું રહેતો તો અને જાહેરમાં તેઓનાથી ન્યારો અને જુદો પણ હતો જેનો દાખલો જ્ઞાને શરીફમા ફરમાવેછે.

### જ્ઞાનનો પાઠ

એજી અલફ નીરાલે ખાલીક રાજા,
અલ્લાહ ઘટબી અંદર સોઇજી.

### બીજો પાઠ

એજી જીસ ઘટ અંદર શેવા તારી,
અલ્લાહ સોઇ ઘટ નીરમલ હોઇજી.

પર-હુઝાર નાલે ઝ બાલાય આસમાન આયદ
તો તન ઝનીઓ નગુઇ કે ઇન ફકાન ઝકુજા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| હઝાર | હજાર | તો | તમે |
| નાલે | પોકાર | તન | કાયા જીસમ |
| ઝ | થી | ઝનીઓ | આળસ, અને |
| બાલાય | ઉપરથી | નશુઈ | નથી કહેતા |
| આસમાન | આકાશ | કે ઇન | જે આ |
| આયદ | આવેછે | ફુકાન | પોકાર |
| | | ઝકુજા | કયાંથી થઈ |

## માયના

હજારો આવાજ ને પોકાર આકાશ ઉપરથી આવેછે અને તમે પોતાને આળસુ બનાવી હોશીઆર નથી થઈ અને નથી કહેતાકે આ આવાજ ને પોકાર કયાંથી આવેછે તેમ આળસુ થઈ પડયા છો.

## મતલબ

હજારો અવાજ ને પોકાંક આકાશના ઉપરથી આવેછે જે હોશીઆર થાઓ, ગફલતના અંદર આ તમારી જીંદગી જે અમુલ્ય હીરાની માફક છે તેને તમે નહિ ગુમાવો ખાલી ફોકટમાં તમારી જીંદગી ચાલી જાયછે અને તમે કાનને બહેરા કરી આલસુ થઈ સુતા

પડયા છો અને ધ્યાન પણુ નથી દેતા જે આ અવાજ ને પોકાર આવેછે તે કયાંથી આવે છે જેનો મીસાલ જ્ઞાને શરીફમાં ફરમાંવેછે

સત ગુરૂ કહેરે અમે પોકાર્યા બહોત કર

અને ચોટે ચડી જાણુ

જે અમારે પોકાર સાભલી બાંહડા થાશે

તેની ત્યાં નહિ ચાલે પોકારરે

## ૫૩—દીલા દીલા બસરે રીશ્તે રઉ મીસલ બીશનઉ કે આસમાન ઝ કુજાયસ્તો રીસમાન ઝ કુજા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| દીલા | અરે દીલ | કે | જે |
| દીલા | અરે દીલ | આસમાન | આકાશ |
| બસરે | ઉપર | ઝ | થી |
| રીશ્તે | રસ્તો | કુજા યસ્તો | કયાંનું છે |
| રઉ | જાઓ | રીસમાન | રસી |
| મીસલ | દાખલો | ઝ | થી |
| બીસનઉ | સાંભળો | કુજા | કયાં |

## માયના

અરે મારા દીલ, અરે મારા દીલ તું રસ્તા ઉપર ચાલ અને મારી નશીઅત સાંભલ કે આસમાન ક્યા છે અને દોરી ક્યાં છે

## મતલબકે

અરે મારા દીલ, અરે મારા દીલ ગફલતની નિંદ્રામાથી તું હોશીયાર થા અને મારી આ નશીઅત ને તું સાભલ, આંખો બંધ કરી નહિ કહોકે આકાશ ક્યાં છે અને રસી ક્યા છે ગફલતની ઉંઘની અંદર ગુમરાહ થઇ ગયો છે અને આકાશ અને રસીની અંદર તને કાઈ ફરક લાગતો નથી જેનો દાખલો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

એજી કહોને જીવ તુમે કીસ કારણ આવ્યાજી
ન કીધી સાહેબજીની સેવાજી

## પાઠ બીજો.

એજી દુનીઆનો લોભ જીવડો મેલી ન શક્યોજી
દુનીઆને લોભે ભરમે ભુલોજી

## જ્ઞાનનો પાઠ ત્રીજો

એજી લોભ લાલચ મન મોહસું લગન
હમેસો દીનકી રાહથી ટળ્યા

૫૪—બાદલ બગુફતમ દર સેહર કે અઇ અઝ કયામત બીખબર.
બરખીઝ દર આલમ નગર અઈ દલ દમી બીહબ શઉ.

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| બાદલ | દીલસાથે | બરખીઝ | ઉઠો |
| બગુફતમ | અમે કહયું | દર | અંદર |
| દર | અંદર | આલમ | સંસાર |
| સહર | મધરાત | નગર | નઝર કર |
| કે | જે | અઇ | અરે |
| અઈ | અરે | દલ | દીલ |
| અઝ | થી | દમી | એક ઘડી |
| કયામત | આકુબત | બીહર | હોશીયાર |
| બીખબર | ખબર વિનાનો | શઉ | થાઓ |

## માયના

એક મધરાતને વખતે હું પોતાના દીલને એમ કહેતો હતો કે અરે તું આકુબતના દિવસ થી બે ખબર છે ઉઠ આ સંસારની અંદર નજર કરી જો. અરે મારા દીલ તુ એક ઘડી આ ગફલતની ઉંઘમાંથી હોશીઆર થા.

## મત ૧૭

એક રાતમાં મધરાતને વખતે હું મારા દીલને એમ સમજાવતો હતો કે અરે દીલ તને આકુબતના દિવસની ખબર નથી આમ ગફલતની ઉંઘમાં બે ખબર થઇ પડી રહ્યો છે હવે તુ ઉઠ અને આ સંસારની અંદર નજર કરી જો અને ઇબાદત અને બંદગી કર અરે મારા દીલ તું એક ઘડી પણ આ ગફલતની ઉંઘમાં હોશીઆર થા જેનો જ્ઞાને શરીફમાં ફરમાન છે

## જ્ઞાનનો પાઠ

તુજે ક્યા કહું મન મેરા તુજે લાજ નહિ આતી હૈ ન
હીરા રતન મોતી સો તુ ગફલતમેં ખોતા હૈ
ઉઠ જાગ મન મેરા તું કાહેકું સોતા હૈ
મનખા જનમ રતન હૈ સો તું ગફલતમેં ખોતા હૈ. ઉઠ જાગ૦

## પાઠ બીજો

એજી સત ગુરૂ સેવો તમે મધરાતે જાગો
ને કરેજો તે ગતના મેળા જીરે.

૫૫—અકલ રા બા ઇશ્ક કારી નીસ્ત જુદશ નર્મ કુન
તા ચ ખાહી કર્દ ઈન અફ્સુન બી અશીઆઅ રા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અકલ | બુદ્ધિ | તા | સુધી |
| રા | ને | ચ | સું |
| બા | સાથે | ખાહી | માગે છે |
| ઇશ્ક | પ્રેમ | કર્દ | કુરશો |
| કારી | કામ | ઇન | આ |
| નીસ્ત | નથી | અફ્સુન | ફ્રેબ |
| જુદશ | જલ્દી તેને | બી | બે, વગર, |
| નર્મ | નરમ | અશીઆઅ | સામાન |
| કુન | કર | રા | ને |

## માયના

અકલ ને ઇસ્ક સાથે લાગતું વલગતું નથી તો જલ્દી અકલ ને તું નરમ કર કારણ કે અકલ ફરેબી અને બે બુનીયાદ છે તે તમારી સાથે કયાં સુધી રહેશે. તેની સાથે તમારે કેમ વર્તવું જોઈએ.

## મતલબ

આ ઝાહેરની અકલ ને ખુદા તાલાના ઇસ્ક સાથે અને મોહોબતની સાથે કાંઈ પણ લાગતું વળગતું નથી કારણકે આ તારી અકલ શકિત જરા જેટલી છે અને ઇસ્ક મોહોબત ( ખુદાનો ) દરીયા જેવડી છે. ત્યારે આ જરા જેવી અકલને ( સંસારની ) તું જલદીથી નરમ કર તો ઇસ્ક અને મહોબતનું જોર વદારે થાય તેમ જ્યાં સુધી અકલનું જોર ( આસંસરની ) વધારે હશે ત્યાં સુધી ઇસ્ક અને મહોબતનો વધારો નહિ થાય તેમ આ અકલ બે બુનીયાદની છે અને ના પાયાદાર છે અને આ સંસાર ફરેબી છે અને તેના અંદર જે સામાન છે તે ના પાયાદાર છે અને ઇસ્ક અને મોહોબત હકીકી હર હમેશાં દાએમ અને કાયમ રહેનાર છે જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનના પાઠ

એજી તમે છો મારાં વહીઆ ગુણના વીર
ગાંઠે વાણા વણજ કેમ કરો

પદ—ચુન તુરા ઈન કુત હાસલ શુદ રહા કુન મર્દ વાર
બાદર ઈન મુશ્તી ખરાન ઈન કારો બારગાહ રા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ચુન | જ્યારે | બાદર | વાસ્તે |
| તુરા | તમને | ઈન | આ |
| ઈન | આ | મુશ્તી | મુઠી જેટલી |
| કુત | ખોરાક | ખરાન | ગધેડાઓ |
| હાંસલ | હાસલ | ઈન | આ |
| શુદ | થઇ | કારો | કામો |
| રહા | મુર્કીદ | બારગાહ | મોહલ મોટાઈ |
| કુન | કર | રા | ને |
| મર્દ | માણસને | | |
| વાર | માફક | | |

## માયના

જ્યારે તને તે ખોરાક હાસલ થયો ત્યારે તું મરદની માફક મરદ થઈ ને તેને મૂકી દે આ મુઠી જેટલા ગધેડા સારૂ મોટાઇના કામોને.

## મતલબ

જ્યારે ઇશ્ક હકીકીની ખોરાક હાસલ તને થશે ત્યારે તું પણ મરદ ગનીન હીમત રાખી મર્દોની માફક આ સંસારનાં સરવે કામોને અને ચીંતાઓને મુકી દે કારણુ જે આ સંસારની અંદર જેને ખુદાના ઇશ્ક અને પ્રેમ નથી તે ગધેડા જેવો છે તેને માટે એક મુઠી જેટલી ઘાસ બસ છે જેની મીસાલ જ્ઞાને શરીફમા ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી આવા ગુરૂ નર સ્વામી સાથે જેણું જીવે યારીઆં
તણું દીલ થકી દુનીયાં વીસારીઆં
તમસું પ્રીત બંધાણી મોરા નાથજી
મીઠા સામશું તમશું નેહડો લાગ્યો મોરા નાથજી
તમશું પ્રીત બંધાણી

૫૭—કુત જાને હરદો આલમ ઇશ્ક તઉહીદસ્ત બસ
ઇન કદર માઆલુમ બાશદ મરદુમે આગાહ રા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| કુત | ખોરાક | ઇન | એટલો |
| જાને | જીવ | કદર | કદર |
| હરદો | બેઉ | માઆલુમ | માહેતગારી |
| આલમ | સંસાર | બાશદ | હોય, છે, |
| ઇશ્ક | મોમોબત | મરદુમે | માણસો |
| તઉહીદસ્ત | ખુદાનો છે | આગાહ | હુશીઆર |
| બસ | બસ | રા | ને |

## માયના

બેઉ સંસારના જીવોનો ખોરાક ખુદાયતાલાની મોહોબત છે તે પુંરી છે એટલે કદર માહેતગારી તમો હોશીયાર માણસોજે હશે તે સિવાય બીજું સર્વે જુઠું છે

## મતલબ

જેવી રીતે આ સંસારની અંદર આ જીસ્મ ખાકીને સારુ ખોરાક અને તાકાદને વાસ્તે અનાજ છે તેમજ આ સંસારની અંદર અને આકુબતની અંદર આત્માંને સારૂ ઈશક હકીકી એટલે ખુદાની

તઆલાની મોહોબતનો ખોરાક છે બીજું કાંઈ પણ નહિ ત્યારે એ: દાના અને હોશીયાર લોકો તમોને એટલી કદર પણ માહેતગારી છે જે આ જીસ્મ ખાકી અને આ સંસાર બેઉ ના પાયાદાર અને એ બુનીઅદ છે જેમ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

એજી પ્રેમ તત્વ જઈઆ નહિ દે કોઈ
આપણો સાહેબ રીજે યારો કરીએ બી સોએ
પ્રેમે મોહયા જે મુઆ તેનો ભલો જીવ્યો પંસારજી
આ કર્તવ્ય અછા કીજીએ તો સાહેબ લંગાવે પારરે

## ૫૮—શમ્સ તાબ્રીઝી ઝ ઈશ્કત હરદો આલમ બીખબર
## ચુનકે ખાસે શાહ ગસ્તી રૂઝાહા કુન નામરા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| શમ્સ | સમસ | ચુનકે | જ્યારેકે |
| તાબ્રીઝી | તાબ્રીઝુનામુલકનો | ખાસે | ખાસ |
| ઝ | થી | શાહ | બાદશાહ |
| ઈશ્કત | તારી મોહોબત | ગશતી | થઈ ગયા |

| | | | |
|---|---|---|---|
| હરદો | બેઉ | રૂઆહા | દીવસોને |
| આલમ | સંસાર | કુન | કર |
| બીખબર | બેખબર | નામરા | નામના |

## માયના

એ શમ્સ તાબ્રીઝના મુલકનારેહનારા તમારા ઇસ્ક અને મોહોબતથી બેઉ આલમ અજાણ્યા છો. જ્યારે બાદશાહ હકીકીના ખાસ બની ગયા છો ત્યારે આ સંસારના દીવસોના નામને મુકી દો.

## મતલબ

એ શમ્સ તાબ્રીઝના મુલકના રેહનારા તમારા ઇશક ને મોહોંબતથી બેઉ આલમ અજાણ્યા હતા કારણ કે જો કદી તેઓને ખબર હોત તો એવી રીતે આ સંસારની અંદર ગફલતની ઉંધમાં ગીરફ્તાર થયા ન હોત તો તમો ઇસ્કને મોહોબતથી ખુદાઅતાલાના દરબારના લાએક બની ગયા છો તો પછી આ સંસારમા સાલે તથા દીવસનાં નામ સિવાય મોહોબતોને કેમ લેવાએ જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞનનો પાઠ

એજી હુંરે પીઆસી પીઆ તેરે દરશનકી
આશ પુરો પીઆ મેરે મનકી

હું રે પીયાસી આસ તોરી તું ચીંતા મોરી ના કરો
આ ખીઝમત ખાસ ખ્વાસ તોરી એ રૂડા સાજન કાંઇ ફીરો

## બીજો પાઠ.

એજી વરસ જાસે દશ દાહાડાંળે
દન પાણીનાં રેલેજી

૫૯—જાન ખાતમ રા ચ દગસ્ત ઈન તને ખાકી બદાન
આતશે ઈશ્કશ પઝદ રૂઝોશબાન ઈન ખામ રા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| જાન | જીવ | આતશે | અગ્ની |
| ખાતમ | તમારૂ કાચો | ઈશ્કશ | ઈશ્ક તેને |
| રા | ને | પઝદ | પકાવશે |
| ચ | માફક | રૂઝો | દીવસોને |
| દીગસ્ત | હાંડીછે | શબાન | રાતોમાં |
| ઈન | આ | ઇન | આ |
| તને | કાયા | ખામ | કાચા |
| ખાકી | માટીની | રા | ને |
| બદાન | સમજવો | | |

## માયના.

જેમકે તમારો જીવ યાને આત્મા કાચો છે તેને પકવવાને સારૂ આ જીસ્મ ખાકી હાંડીની માફક છે તે તું સમજ અને તેને ઇશ્ક ને મોહોબતની આગથી રાતો, દીવસો, પકાવવુ જોઈએ (આકાચાંને)

## મતલબ.

તમારો આત્મા આલમે અરવાહની અંદર બેકારણોથી કાચો હતો તેમાંથી એક દીદાર બીજી ખોરાક ત્યારે આ બે કારણોના સબબથી આ જીસ્મ ખાકી ધારણ કરવું પડીઉ અને આ સંસારની અંદર તેને પકાવવાને સારૂ આપવું પડીઉ ત્યારે આ આત્માને ખુદાએતાલાના ઈશ્કને મોહોબતની આગથી પકાવવાની જરૂર છે તે રાતો અને દીવસોમાં ઈબાદત ને બંદગી ને જીકરની આગથી આ કાચાને પકાવવું જોઈએ જેનો મીશાલ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

જુગમાહે ભેજીઆ તમકું
સો દેહી પકાવણ કાજરે
ઈયું કયું પાકે બાવરે
અગન જલાવે બાજરે

૬૦ ચાર રૂકને જીસ્મ આમદ આબો આતશ ખાકો બાદ
પંજ હીસ્સો શીશ શુદ રૂહ બી આરામ રા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ચાર | ચાર | પંજ | પાંચમા |
| રૂકને | તત્વ | હીસ્સો | નફસ અથવા મન |
| જીસ્મ | કાયા | શીશ | છઠો |
| આમદ | આવ્યું | શુદ | થયું |
| આબો | પાણીને | રૂહ | આત્મા |
| આતશ | આગ | બી | બે વગર |
| ખાકો | માટીને | આરામ | સુખ ચઈન |
| બાદ | પવનં | રા | ને |

## માયના

ચાર તત્વમાં આ જીસ્મ ખાકી થયો, પાણી અને આગ માટી અને પવન અને પાંચમુ મન જ્યારે બેઉ સાથે ભેગો થયો ત્યારે છઠા આત્માને અસુખ પએદા થઇ.

## મતલબ

આ જીસ્મ ખાકી ચાર તત્વોનું બનેલું છે. જેના ઉપર આ જીસમનો આધાર છે, એક પાણી બીજો અગ્ની, ત્રીજી માટી,

અને ચોથો પવન અને પાંચમુ નફસ જ્યારે તે ચારની સાથે મલી જાએ છે તીયારે નફસ (મન) નુ જોર વધી જાએ છે અને છઠા આતમાને બેઆરામી પેદા થાએ છે અને સુખેથી રહેવા દેતા નથી જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

સત ગુરૂ કહેરે મુઆ તે જે મન મુઆ
અને ધરતી હોવે આપ
એ પાંચ તત્વ કેરાં પુતળાં
તે જપે અજપીઆ જાપરે

## બીજો પાઠ

એજી અગન પાણી એ બી દોનું સમાયા
સાંચાં ઇયું કરી પીંડ ન પાયા રે

**૬૧—દીદારે શમશુદીન મરા બીદાર કર્દ અઝ ખાબે દીલ**
**સદ જાન ફીદાએ દંન ચનીન દેલ્તાફે અઅતાયે ખુદા**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| દીદારે | દર્શન | સદ | સો |

| | | | |
|---|---|---|---|
| શમશુદીન | પીરશમ્સ | જાન | જીવ |
| મરા | મને | ફીદાએ | કુરબાન છે |
| બીદાર | હોશીઆર | ઇન | આ |
| કર્દ | કર્યું | ચનીન | પ્રમાણે |
| અઝ | થી | ઇલ્તાફ઼ો | મહેરબાનીને |
| ખાબે | નીંદર | અઅતાયે | બક્ષીસો |
| દીલ | દીલ | ખુદા | ખુદા |

## માયના

શાહ શમ્સ જેઓ દીનના સુરજ છે તેનાં દર્શને મારા દીલને નીંદર માંથી હોશીઆર કીધું, ત્યારે સો જીવ તેના પર કુરબાન છે જે એવી મહેરબાની અને બક્ષીસો અમારા ઉપર કરી.

## મતલબ

શાહ શમ્સ જે દીનનો સુરજ છે, તેઓએ પોતાનાં દર્શનની મહેરબાનીની બરકતથી મને ગફ઼લતની નીંદરમાંથી હોશીઆર કીધું ત્યારે આ જાનના મીશાલ અગર સો જાન હોય તોપણ તેની એવી મહેરબાની અને બક્ષીસો ઉપર કુરબાન છે. સબબ જે આ સંસાર ની ગફ઼લતની નીંદરમાંથી મારા દીલને હોશીઆર કરી અને આકબતની હોલત દર્શનની એનાયત કીધી જેનો જ્ઞાને શરીફ઼માં ફ઼રમાંવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી જેણે દીદાર દેખ્યા શાહ અલી તણા
તેની કાયા અવીચલ અભંગ
તેનાં પાપ જાવે ભવો ભવ તણાં
તે પામે સાતમું બ્રહમાંડ

## બીજો પાઠ

જીરે વીરા હું બલહારી ગુરૂ આપણે,
પીર આપણે, જેને દેખાડયા આવા સત ધરમ,
સત ધરમ,

૬૨—બર આસમાનો બર હવા સદ રહ પહીદ આયદ તુરા
બર આસમાન પરરાન શવી હર સુબહ દમ હમ ચુન દઆ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| બર | ઉપર | બર | ઉપર |
| આસમાનો | આકાશને | આસમાન | આકાશ |
| બર | ઉપર | પરરાન | ઉડસો |
| હવા | અધ્ધર | શવી | થસો |
| સદ | સો | હર | હર |

| | | | |
|---|---|---|---|
| રેહ | રસ્તો | સુબહ | સવાર |
| પદીદ | જાહેર | દમ | ઘડી |
| આયદ | આવશે | હમચુન | મીસાલ |
| તુરા | તને | દઆ | ઈબાદત |

## માયના

આકાશ ઉપર અને ઉંચી જગા ઉપર સો તરેહના રસ્તાઓ તને જોવામાં આવશે. ત્યારેજ તું આકાશ ઉપર ઉડીશ, જેમ હરેક સવારની ઈબાદતની માફક.

## મતલબ

જ્યારે તું આ નફસની ચાહેના અને મમતાઓને મુકી દેશે ત્યારેજ તું વગર સીડીએ આકાશ ઉપર અને અધ્ધર ઉંચી જગા ઉપર જ્યાં સો સો તરેહના રસ્તા તને નઝરમાં આવશે અને હર હમેશ તારૂં ચિન્ત આકાશની અંદર ફરતું રહેશે જેવી રીતે હર સુબોહની વખતની ઇબાદત ને બંદગી આકાશમાં પહોચી જાય છે જેમ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

સખી અરશ કરશના કોટ
કે જોયા નીરખી રે

એવા સપ્રુત દ્વીપ નવ ખંડ
કે જોયા પરખી રે

૬૩—ચુન, પાય ખુદ બર સર નહિ પા બરસરે અખતર નહિ
ચુન તો હવા રા બીશ્કની પા બર હવા નેહહીન બીઆ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ચુન | જ્યારે | ચુન | જ્યારે |
| પાય | પેર પગ | તો | તું |
| ખુદ | પોતાના | હવા | મમતા |
| બર | ઉપર | રા | ને |
| સર | માથું | બીશ્કની | તોડી નાખો |
| નહિ | રાખો | પા | પગ |
| પા | પગ | બર | ઉપર |
| બર | ઉપર | હવા | મમતા |
| સરે | ઉપર માથે | નેહ | રાખો |
| અખતર | સીતારાઓ | હીન | હમણાં |
| નહિ | રાખસો | બીઆ | આવો |

## માયના

જ્યારે તું તારા પગ તારા માથા પર રાખીશ ત્યારેજ તું આકાશ ઉપર પહોંચીશ, તેનીજ માફક જ્યારે તું આ સસારની મમતાઓને તોડી નાખોશ ત્યારેજ તારા પગ તાગ માથાથી પણ વધારે ઉંચા થશે, હમણા તમો ઉપર ચડી આવો.

## મતલબ

જ્યારે તુ આ સંસારની સર્વે મમતાઓને અથવા લાલચોને મારી નાખશે ત્યારેજ તેં તારા પગ તારા માથાપર રાખ્યા ગણાશે અને ત્યારેજ તારૂં ધ્યાન સર્વે આકાશમાં પહોચવાની શકતી ધરાવશે. તેમ જ્યારે તું સર્વે મમતાઓને અને લાલચોને તોડી નાખીશ ત્યારે તને કાઇ ચીંતા ફીકર નહિ રહેશે અને જલદી મારી પાસે પહોંચીશ જેનો જ્ઞાન શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

સત ગુરૂ કહેરે જેને કલેજે બાણ લાગ્યાં નેહ તણાં
તેની સુરતી અવરા કેમ જાય
તેના પીંડ માલે મત લોકમા
તેની સુરતી આકાશે જાય રે

૬૪—ગુફ્તમ કે બનુમા નર ડબાન તાબાર રવમ બર આસમાન
ગુફ્તા સરે તો નર ડબાન સર રા બરાવર ઝીર પા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગુફ્તમ | અમે કહયું | ગુફ્તા | તેણે કહયું |
| કે | જે | સરે | માથું |
| બનુમા | દેખાડ | તો | તારો |
| નર ડબાન | સીડી | નર ડબાન | સીડી |
| તા | ત્યારે | સર | માથું |
| બર | માથે | રા | ને |
| રવમ | જાઉં | બરાવર | લઇ રાખો |
| બર | ઉપર | ઝીર | નીચે |
| આસમાન | આકાશ | પા | પગ |

## માયના

અમે તેઓને કહયું જે સીડી મને દેખાડ જેથી હું આકાશ ઉપર ચડી જાઉં ત્યારે તેણે કહયું જે તારૂં માથું ને સીડી છે તે તારા માથાને લઇ તારા પગની નીચે રાખ.

## મતલબ

અમે તેઓને કહયું જે સીડી મને દેખાડ જે આકાશ સુધી પહોચી શકે છે અને જેના ઉપર ચઢી હું આકાશમાં જાઉં ત્યારે

તેણે કહ્યું જે તારૂં માથું તે સીડી છે યાને જ્યારે તારાઅંદર હું પણું બીલકુલ રહેશે નહિ. જેમ આ સંસારની અંદર મરેલાની માફક થઈ હશે ત્યારેજ તે તારૂં માથું લઇ તારા પગની નીચે રાખ્યું છે ત્યારેજ તે સીડી ઉપર ચડી આકાશના ઉપર જવાય છે જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

સત ગુરૂ કહેરે સર સાટા તો કીજીએ
અને રેહેણી જગાએ આપ
જીવ લગાએ ઝીકર સું
તો સાચા સુરી જન પાસરે

## ૬૫—બા દુસ્તાન ખારી કુની બા દુશ્મનાન યારી કુની હર શબ અઈયારી કુની અયે પાસબાને બા સફા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| બા | સાથે | હર | હરવખત |
| દુસ્તાન | દોસ્તી | શબ | રાત |
| ખારી | ખરાબી | અઈયારી | ચાલાકી |
| કુની | કરોછો | કુની | કરોછો |

| | | | |
|---|---|---|---|
| બા | સાથે | અચે | ઓ |
| દુશ્મનાન | વેરીઓ | પાસબાને | ચોકીદાર |
| યારી | દોસ્તી મદદ | બા | સાથે |
| કુની | કરોછો | સફા | દેખાવ હુસીયારી |

## માયના

તું તારા દોસ્તોની સાથે ખરાબી કરોછો અને વેરીઓની સાથે દોસ્તી અને મદદ કરો છો તમે હર રાત્રે એવી રીતની હોશીયારી ને ચાલાકી કરોછો ને સફાઈ દેખાડો છો એ ચોકીવાલા.

## મતલબ

તું તારા મુરશીદ કામલ અથવા હઝરત ખુદાએતાલા જેઓ તારા દોસ્ત છે તેઓની તાબેદારી અને ફરમાન બરદારી નથી કરતો અને તેઓના દીલને દુઃખ પહોચાડો છો અને દુશ્મન નફસ અમારાને રાજી કરો છો અને નફસાની ને જીસમાની કામો સાથે પ્યાર કરો છો તેમ હરરોજ યા હરશામ એવી ચાલાકી કરોછો અને નામનો તો હું ખુદાતાલાનો બંદો છું અને મુરશીદ કામલની તાબેદારી કરૂં છું એવી સફાઇ પોતાની દેખાડો છો જેમ ગ્નાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

હોજીરે ભાઈરે એક એક માનવીરે
માનવી ચલણના ચોખા
માનવી નઝરના મેલા
એતો ધરમકું ફોડે ને પાપકું સીંચે
કહેરે પંડીત અમે ડાયાજી

૬૬—ગર બંદેએ શાહી બીઆ વર તાલબે માઈ બીઆ
ગર કુહ ગર કાહી બીઆ દર બહર બી પાયાન મા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગર | અગર | ગર | અગર |
| બંદેએ | બંદો | કુહ | પહાડ |
| શાહી | બાદશાહનોછે | ગર | અગર |
| બીઆ | આવો | કાહી | ઘાસછો |
| વર | અને અગર | બીઆ | આવો |
| તાલબે | તલબ કરનારો | દર | અંદર |
| માઈ | મારો છે | બહર | દરીઆ |
| બીઆ | આવો | બી | સીવાય, વગર |
| | | પાયાન | કીનારો |
| | | મા | અમારો |

## માયના

અગર તું ખુદાએ તાલાનો બંદો છે તો આવ, અને અગર મુરશીદ કામલની તલબ કરનારો છે તો પણ આવ, અને અગર પાહાડની મીસાલ છે તો પણ આવ. અને અગર ઘાસની મીસાલ છે તો પણ આવ, અમરા આ દરીઆની અંદર જેનો કાંઇ છેડો અથવા કીનારો નથી

## મતલબ

અગર તું હઝરત ખુદાએતાલાનો બંદો છે તો ઇબાદત અને બંદગી સાથે આવ, અને અગર મુરશીદ કામલની તલબ કરનારો છે તો પણ ઇબાદતને બંદગી સાથે આવ, અગર પહાડના જેવો દોલતમદ છે તોપણ ઇબાદત અને બંદગી સાથે આવ અને અગર ઘાસની મીશાલ ગરીબ અને કંગાલછે તોબી ઇબાદત ને બંદગી સાથે આવ, મારા દરીઆની અંદર દાખલ થઇ જા જેનો કાંઇ છેડો કે કીનારો આવનાર નથી જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

જીરે મોમનોજી આવોને બેસોને અમીરસ પીઓ

આપણા ગુરૂ નર યું ફરમાયાજી

## બીજો પાઠ

એજી સાહી શુકરીત માંહે ગળીઆ મોમન
સેતાં નુર માંહે નુર સમાયા

૬૭—તઉબે રા તઉબે બીસાઝીદ પઇએ સદકો સફા
તાબ મંઝીલ ગેહે ખુદ ખુદ બરસાનીદ શુમા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| તઉબે | તોબા | તા | સુધી |
| રા | ને | બ | સાથે |
| તઉબે | તોબા | મઝીલગેહે | જગ્યા ઠેકાણું |
| બીસાઝીદ | બનાવો | ખુદ | પોતે |
| પઇએ | વાસ્તે | ખુદ | પોતાને |
| સદકો | એકીનને | બરસાનીદ | પહોંચાડો |
| સફા | પાક | શુમા | તમો |

### માયના

તમે તોબાઓને એવી રીતે તોબા બનાવો જેમ સાચી એકીનને સફાઈ સાથે થાય ત્યારેજ તમે પોત પોતાની જગ્યા સુધી પોતાને પહોંચાડશો

## મતલબ

તમે તોબા કરોછો ને એવી રીતની તોબા હોય કે સાચી એકીનની સાથે અને દીલની સફાઇની સાથે થાય ત્યારેજ તમે પોતાને પોતાના અસલી વતન સુધી જે તમારો અસલી મકાન છે ત્યાં સુધી પોતાને પહોંચાડી શકશો જેનો જ્ઞાન શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એ આશાજી સત સું જો ગત માંહે આવે
ગતનો મેળો સોઇજી
પાપ ઉતારી પાછાં નવ કરે
સો હમ તુમકું પ્યારા હરી

## બીજો પાઠ.

જીરે વીરા જ્યાં થકી તમે આયા
જીરે વીરા વેલા જઇને ત્યાં પહોંચો
જીરે અમને તમને હો વીરાં ભાઇ એરે ઘરે
ચાલણાં શાને ઘરે ચાલણાંજી

**૯૮—મીનવીસંઘ હમે ઉનચ શુમા મીબાઝીદ**
**તાબ મેહશર હમે.રા બાઝ બખાનીદ શુમા**

## શબ્દાર્થ

મી નવી સંધ લખેછે તાબ સુધી જે

| | | | |
|---|---|---|---|
| હમે | સરવે | મેહશર | કયામતનોદીવસ |
| ઉનૂચ | જેકાંઇ | હમે રા | સરવેને |
| શુમા | તમે | બાઝ | ફરી |
| મીબાઝીદ | કરોછો | બખાનીદ | પડવાનું છે |
| | | શુમા | તમોને |

## માયના

તમે જે કાંઈ આ સંસારની અંદર કામ કરો છો તે સર્વે લખવામાં આવે છે તેજ કયામતને દિવસે ફરી તમોને પાછાં પડવા ને આપવામા આવસે.

## મતલબ

જે જે કામો નેકીનાં અથવા બદીનાં તમારા હાથથી આ સંસારની અંદર થઇ ગયાં છે અથવા થમે તેઓ સરવેને કરામીન અને કાતબીન કે જે બે ફીરસ્તા હરેક માણસના બે ખભાં ઉપર બેસેલા છે તે કયામતના દિવસ સુધી માણસનાં કામે. લખે છે નેકીનાં અથવા બદીનાં તેજ લખેલું કયામતને દીવસે તમારા પોતાના હાથમાં આપસે કે આ પડો આ સંસારની અંદર જે કમાઈ તમે એ કીધી છે તે આ છે તે પડી જુઓ જેમ ગ્નાને શરીફમાં ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ

જીરે વીરા જે દમ બોલો મોહીરે લખાયે
સાચ જુઠકા નવેડા થાય

## [illegible]જો પાઠ

એજી પાને [illegible] [illegible]નાં પાપ લખાણાં
ધરમનો અક્ષર નવ સુજેજી

## ત્રીજો પાઠ

એજી કીધાં તે કરતવ પુછશે લેખા
તે સાહેબજીને હાથજી

૬૯—હીચ કસ નીસ્ત કે ઇન રાહ નદારદ દર પીશ
ગુરહા રા નગરીદ અર બગુમાનીદ શુમા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| હીચ | કોઇપણ | ગુરહા | કબરો |
| કસ | માણસ | રા | ને |
| નીસ્ત | નથી | નગરીદ | નજરકરો |

| | | | |
|---|---|---|---|
| કે | જે | અર | અગર |
| ઈન | આ | બગુમાનીદ | તમોને વહેમ છે |
| રાહ | રસ્તો | શુમા | તમો |
| નહારદ | નહોય | | |
| દર | અંદર | | |
| પીશ | આગલ | | |

## માયના.

એવો કોઈ નથી કે જેને આગલ આ રસ્તો નહિ હોય તેના સારૂ તમે સર્વે કબરો ઉપર સારી રીતે નઝર સાથે જુઓ જો કદી તમને મારી વાત પર વહેમ હોય

## મતલબ.

કોઇ પણ એવો માણસ નથી. ન પણ હોયે છે કે જેના માથા ઉપર મોત ન હોય અને આકુબતનો જવાનો રસ્તો નહી હોયે ત્યારે આ રસ્તો આકુબતનો સર્વની આગલ છે (જવા માટે) જો કદી તમોને મારી આ વાત ઉપર વહેમ હોય તો સર્વે કબરસ્તાન ઉપર નઝર કરી જુઓ અને શક તથા વહેમમાંથી નીકલી જાઓ. જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

એજી કાયા નગરી માંય એક ભેદ છે ભારી

એક દીન કાલ કુરે ચકચુર
જુગ માંહે ચલીને ચાલો

## બીજો પાઠ

એજી કીયારે અઉલીઆ કયા અંબીઆ
કયા સો પેગમ્બર પીર
કુવે કે ગલ માલ હે
એતા ચલ ગયા સર્વે નીર
મીઠાશા મે સમરૂં તેરા નામ ખુદાવીંદ મે સમરૂં તેરા નામ

✿✶✿✶✿

૭૦—હસ્ત હર પીશ યકી રાહ અજબ દુરો દરાઝ
નીક કુશીદ દર ઉન રાહ નમાનીદ શુમા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| હસ્ત | છે | નીક | સારૂં |
| હર | અ[illegible] | કુશીદ | કોશીશ કરો |
| પીશ | આગલ | દર | અંદર |
| યકી | એક | ઉન | તે |
| રાહ | રસ્તો | રાહ | રસ્તો |
| અજબ | ઘણો | નમાનીદ | નહીરહીજાઓ |

| | | | |
|---|---|---|---|
| કુશ | છેટેનો | શુમા | તમો |
| દરાઝ | લાંબો | | |

## માયના

તમારા આગળ એક રસ્તો ઘણો છેટો અને લાંબો છે ત્યારે તમો સારી રીતે કોશીશ કરોકે તે રસ્તાની અંદર નહિ રહી જાઓ

## મતલબ

તમારા આગલ આકુબતની તરફ જવાનો રસ્તો એક ઘણો મોટો ને જબર દસ્ત ને ઘણો લાંબો ને છેટે જવાનો છે ત્યારે તમે સારી રીતે કોશીશ ઇબાદત ને બંદગી સાથે કરો કે તે આકુબતના રસ્તાની અંદર રહી નહિ જાઓ અને પોતાની મંઝલ અસલીને જઈ પહોચો જેનો જ્ઞાન શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

અરે વીરા દુર દેસ જાવણું વીર મારગ દોહેલો
ઈ વીખડો મારગ કેમ કરી પહોચો

## બીજો પાઠ.

એજી વાટ વીકટ પંથ દુસ્ડે
કુછ ફરતા ન પાઇએ પાર

સાચું કરી સેરવો સાચાં દીલમાં
તો સાહેબ ઉતારે પારરે

૭૧—અગર અઝ કુદ્રત કઝા તીર અજલ પીશ આયદ
બહર ઉન તીર યકીન દાન નીશાનીદ શુમા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| અગર | અગર | બહર | વાસ્તે |
| અઝ | ત્યાંથી | ઉન | તે |
| કુદ્રત | કુદરત | તીર | બાણ |
| કઝા | કઝા | યકીન | સાચો |
| તીર | બાણ | દાન | સમજ |
| અજલ | મોતનો | નીશાનીદ | નીશાનછો |
| પીશ | આગલ | શુમા | તમો |
| આયદ | આવશે | | |

## ભાવના

કુદરતથી અથવા બાતુન તરફથી મલકુલ મોતનું બાણ આવેતે તમો ખચીત સમજો કે તેજ બાણના નીશાનને વાસ્તે તમે પોતે છો

## મતલબ

જેમ શીકારી જંગલની અંદર જંગલી જાનવરોને બદુકથી અથવા બાણથી શીકાર કરે છે તેમજ મલકુલ મોતની આગલ આપણે લોક પણ તે જંગલી જાનવરોની માફક શીકાર છીએ તે કદી આપણા ઉપર મારવાને સારૂ તાકસે, તે સાચી યકીનની સાથે સમજો જેનો જ્ઞાને શરીફમાં ફરમાંવે છે.

## જ્ઞાનનો પાઠ.

એજી કંઢેહા વેરી કાલરા વે મેદે સાઈ
મછીયાંદા વેરી જાલહે વીરા જાલહે

## બીજો પાઠ.

એજી મછીઆં મરૂવાં માનબારે ભયે
ભાઈ પડશે ઓચીંતી જાળ—સુનરે અબાવડે

## ત્રીજો પાઠ.

એજી શીર ઉપર કાળ ફરે, સત સાધુ
અબ તમે ચેત સવેળા
ઈસ વેળા માંહે જોતું ભુલ જાયેસો
તો બહોત ખાઈસો ફેરા
કયાં નીંદ સોવે મન મેરા, શા શમરણકી વેળા, નીંદ સોવે મન મેરા

૭૨—મી બીદાનીદ જહાન રા કે હર ઉ નીસ્ત વફા
મેહર ઉ હર દીલ ખુદ અઝ ચિ નાશાદીન શુમા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| મી | જે | મેહર | મોહોબત |
| બીદાનીદ | સમજો | ઉ | તેની |
| જહાન | દુનીઆ | દર | અંદર |
| રા | ને | દીલ | દીલ |
| કે | જે | ખુદ | પોતાનો |
| દર | અંદર | અઝ | થી |
| ઉ | તેને | ચ | વાસ્તે |
| નીસ્ત | નથી | નીશાદીન | બેસાડોછો |
| વફા | વફાદારી | શુમા | તમે |

## માયના

તમે સમજો છો કે આ સંસારની અંદર જરા જેટલી વફાદારી નથી ત્યારે આ સંસારની મોહોબતનો પ્યાર તમે સા માટે પોતાના દીલની અંદર રાખો છો અથવા બેસાડો છો

## મતલબ

તમે સમજો છો કે આ સંસારની અંદર જરા જેટલી પણ વફાદારી નથી કારણકે આ સંસારમાં કોઈ પણ શખસ કાયમ રહેનાર નથી જેમ આપણી નઝરની આગળ અનેક અનેક બાદશાહો ચાલી ગયા છે અને જાય છે આ સંસારની અંદર કોઇ પણ

કાયમ રહી શકયો નથી ત્યારે આપણા જેવા શું હીસાબમાં ત્યારે આ સંસારની સાથે શા માટે દીલ બાંધવું જોઇએ અથવા મોહોબત રાખવી જોઇએ જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ

એજી દુનીઆ રંગ પતંગ છે
આખર દેસે તમને છેહ હોજીરે

## બીજો પાઠ

સત ગુરૂ કહેરે દુનીઆ દુરીજન દુર કરો
અને માયા માંહે મલાવો જીવ
જનમ ગુમાવે પ્રેમસું
તો પામીએ સાચા પીવરે

❀✱✱❀

**૭૩—ઝાંનચ પીશસ્ત અગર જુમલે બદાનાદ શુમા**
**રૂઝો શબ ખુન ઝ રહે દીદે ફીશાનીદ શુમા**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ઝાંનચ | જે કાંઇ | રૂઝો | દીવસ અને |
| પીશસ્ત | આગલ છે | શબ | રાત |

| | | | |
|---|---|---|---|
| અગર | અગર | ખુન | લોહી |
| જુમલે | સરવને | ઝ | થી |
| બીહાનીદ | સમજતાહો | રહે | રસ્તો |
| શુમા | તમો | દીદે | આંખો |
| | | ફીશાનીદ | તમોને પડે |
| | | શુમાં | તમોને |

## માયના

જે કાંઇ તમોને આગળ આવશે અને આવનાર છે તે જો કદી સરવને સમજતાહો તો દીવસો અને રાતો પાણીને બદલે લોહીનાં આંસુ તમારી આંખો માંથી પડે

## મતલબ

જે જે મેહેનત અને દુખ કબરની અંદર અથવા પુછવાની વખતના અને કયામતના દીવસના અને દોજખના જે જે તમો ને આગલ સામા આવનારા છે એ સર્વેની જો કદી તમોને સમજણ હોત તો આ આંખો માંહેથી પાણીને બદલે રાત ને દિવસ લોહીનાં ટીપાં પડયાં હોત અને તમોને એટલે કદર ફીકર ને ચિંતા પેદા થઇ હોત કે દીવસને રાતોમાં તમોને બીજું કાંઇ સુજયું નહોત જેનો શાને શરીફમાં ફરમાવે છે

## ।નનો ।ઠ.

એજી કાંઈ ન રૂઓ આપણે જીવને, આપણે જીવને,
તમે મુવા પછી કાંઈ કરે સો, એ કરે સો

## પાઠ બીજો

એજી દોજનની આંચ છે બહુ દોહેલી
તે તમથી સહી નવ જાએ
વછુ રે મારે આકડા
તેની અગ્ની ન ખમાએ

૭૪—મશઉ મુનકર બઝરતીહા મશઉ શાકર બનગ ઝીહા
કેહર મઅની યકીસ્ત ઇનહો દોહીદે અંદરીન બુગશા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| મશઉ | નહિ થાઓ | કેહર | જે અંદર |
| મુનકર | ના કબુલ | મઅની | માએના |
| બઝરતીહા | સાંવલાને | યકીસ્ત | એકજ છે |
| મશઉ | નહિ થાઓ | ઇનહો | આબેઉ |
| શાકર | શુકર ગુજાર | દોહીદે | બે આંખો |

બનગ ક્રીહા ખુશીઓમાં અંદરીન એના અંદર
ખુગશા ખોલો

## માયના

સારા અથવા સાંવલા મોટાં જોઇએ મુનકર નહી થાઓ અને ખુબ સુરત ઉપર રાજી અને ખુશી ન થાઓ સબબકે અસલી માયના જે બેઉના અંદર છે તે એકજ છે, એના અંદર તું પોતાની બેઉ આંખો ખોલીને જો.

## મતલબ

મુરશીદ કામલ જે સત ગુરૂ છે તેના સાંવલા રૂપ ઉપર મુનકર ન થવું જોઇએ અને તેમની ખુબસુરતી ઉપર રાજી ન થવું જોઇએ સબબ કે તેની અંદરની અસલી માયના યા અસલીનુર તો એકજ છે જે હઝરત ખુદ.એતાલાનું તેજ છે તેના અંદર તું પોતાની બન્નેઆંખો ખોલીને નઝર કરી જો જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

સત ગુરૂ કહેરે ગુરૂ નર દોનું એક હે
અને વસે છે મલછા માંહે
તે નરને સેવંતારે રહ્ય સું
અને મન માંહે ન લાવજો ખોટરે

## બીજો પાઠ.

અજી રૂપ મ રાચો ગેમાર
આ ગુણ લોણીને લીજે

૭૫—મન ઉન કત્રે ઝ દરીઆયમ વઝાન આલમે બાલાયમ
મી જુ શમો મી જુ યમ વસાલે દુરર દરોઆ રા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| મન | અમે | મીજુશમો | જોશ રાખું છું |
| ઉન | તે | મીજૂયમ | તલાશ કરૂં છું |
| કત્રે | ટીપું | વસાલે | મુલાકાત |
| ઝ | થી | દુરર | હીરા, મોતી |
| દરીઆયમ | દરીઆનો છું | | |
| વઝાન | અને તે | દરોઆ | દરીઆ |
| આલમે | આલમે | રા | ને |
| બાલાયમ | ઉપરનો છું | | |

### માયના

હું ટીપું તે દરીઆનું છું અને હું તે આલમ ઉપરનો છું, અને તે દરીઆના મોતીને મલવાને માટે જોશ રાખુ છું અને તલાશ કરૂ છું

## મતલબ

મહુલાના શા શમ્સ તબ્રીઝ તાકીદથી ફરમાવે છે કે જેમ હું તે હકીકી દરીઆનું ટીપું છું અને તે આલમ રોહાની નો છું તે દરીઆની મુલાકાત કરવા ને વાસ્તે જોશ રાખુ છું અને તેની તલાશ કરૂં છું તેમજ તમો પણુ તે હકીકી દરીઆમાંના છો ને તે આલમ અરવાહના છો ને તે હકીકી દરીઆની મુલાકાત કરવાને વાસ્તે જોશ રાખો અને કોશીશ કરો યાને તેની મુલાકાતને વાસ્તે તલાશ કરો જેમ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી હઇડે કે ભીતર અગન જંલતી પીયા
સો તુંહીં બુઝાવણ હારરે
મહેરબાન મેરે સાહેબ મેરે સરજનહાર મેરે
સાહેબજી તુજ વના સો દીન જાવેંગો કેસે પીઆજી

૭૬—બહર નક્ષી શવદ પઈદા અગર દર જા વગર બીજા
બઝીન જુમલે ચકીરા દાન મશાઉ હોબીન તો શુન

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| | | | તરસા |
| બહદર | હકકોઇ | અઝીન | તેનામાં |
| નક્ષી | નકશામાં | જુમલે | બધું સર્વે |
| શવદ | થાયછે | ચકીરા | એકને |
| પઈદા | જાહેર | દાન | સમજ |
| અગર | અગર | મશઉ | નહિ થાઓ |
| દર | અંદર | દોબીન | બે જોવા વાલો |
| જા | જગ્યા | તો | તું |
| વગર | અંને અગર | ચુન | માફક |
| બીજા | વગર જગ્યા | તરસા | બનીઇસરાઈલ |

## માયના

હરકોઈ આકારની અદર ઝાહેર ને પઈદા થઈ શકે છે અગર પોતાનીજગ્યા ઉપર હોય યા તે જગ્યા ઉપર ન હોય ત્યારે સઉની અંદર તું એકજ નુરને સમજ, બે કરીન સમજ યહુદીઓ અને બની ઇસરાઈલઓની માફક

## મતલબ

ખુદાએતાલાનું નુર હઝરતઅલી છે એવી રીતે ન સમજ જે આ મોટો છે તે બીજો હશે અને આ નાનો છે તે બીજો નુર હશે

ત્યારે તું આ બેઉને એકજ નુર કરી સમજ એઓને બે નુર તરીકે ન સમજ જેમ યાહુદી અને બની ઇસરાઇલ સમજે છે જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી ભરપુર રહેલા થાન થાનોતર
તુજ વિના અવર ન છાજે એબી તંયે તમે

## બીજો પાઠ.

એજી આલ અલી શ્રી ઇસલામ રાજા
અલ્લાહ એહી ઇમામ
ભણે પીર સદર દીન કહે પીર કબીર દીન
સચા શાહને પીછાનો, અલાહ ભેદ તત્વ નામ લીજે

૭૭—શમ્સ તબ્રીઝ ચ ખુરશીદ બરામદ બજહાન
જુમ્લે ચુન ઝરરે દર ઉન નુર નાહાનીદ શુમા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| શમ્સ | પીરશમ્સ | જુમ્લે | સર્વે |
| તબ્રીઝ | તબ્રીઝનામુલકનો | ચુન | માફક |

| | | | |
|---|---|---|---|
| ચ | માફક | ઝરરે | જરરા |
| ખુરશીદ | સૂર્ય | દર | અંદર |
| બરામદ | નીકલી આવ્યો | ઉન | તે |
| બજહાન | સંસારમાં | નુર | તેજ |
| | | નાહાનીદ | છુપેલા છો |
| | | શુમા | તમો |

## માયના

પીર શમ્સ તબ્રેઝના મુલકનો રેહવાસી સુર્યની મીસાલ જ્યારે આ સંસારની અંદર ઝાહેર થયો ત્યારે તમો સર્વ જરરાની મીસાલ તેના તેજની અંદર સમાઈ ગયા

## મતલબ

મકેલાના પીર શમ્સ તબ્રોઝના મુલકના રેહેનારા આ સુર્ય ઝાહેરીની મીસાલ જ્યારે આ સંસારની અંદર ઝાહેર થયા ત્યારે તેઓના નુરે આ સંસારની અંદર એવી રોશની ઝાહેર કીધી કે જેમ આ સુર્ય ઝાહેરીની મીસાલ ત્યારે સગ ખલકત તેઓના નુરના પ્રકાશની આગલ એક ઝરરાની મીસાલ છે અને જે કોઇ આશક હતા તે તેના નુરની અંદર સમાઈ ગયા જેનો શાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

એ આશાજી ચડલા સુરજ તે કેમ છુપે
એમ હી વીચાર્યોલોકાંજી
જીવ પંડ જેણે ત્રઈલોક સરજ્યાં
સો કેમ દુજા હોય હરી

## બીજો પાઠ.

એજી નુર નરવાણ ઝળકીઆ
તન તીઆંથી ઉપનાં રૂહ રતન

## ત્રોજો પાઠ

એજી ભણે પીર સદર દીન, કહે પીર કબીર દીન
શાહના નુર માંહે જાઈ નુર સમાણાં

૭૮—ગુઝર કુન અઝ બશરીઅત ફરશ્તે બાશ દલા
ફરીશ્તગી ચ નાબાશદ બીશર ચ સુદ કુનદ

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગુઝર | મુકીદો | ફરીશ્તગી | ફરીશ્તાપણુ |
| કુન | કરો | ચ | જયારે |

| | | | |
|---|---|---|---|
| અઝ | તેથી | નાબાશદ | ન હોય |
| બશરીઅત | ઈનસાની | બીશર | ઈનસાની |
| ફરોશ્તે | ફરીશ્તો | ચ | સુ |
| બાશા | થાઓ | સુદ | ફાયદો |
| દલા | ઓ દીલ | કુનદ | કરસે |

## માયના.

તમે મુકીદો આ ઈનસાની હાલતને, અને ફરીશ્તાની મીસાલ થઇ જાઓ. ઓ દીલ તેમ જો કદી ફરીશ્તાની હાલત ન હોય તો આ ઈનસાની હાલતમાં તમો ને શું ફાયદો અને લાભ હાસીલ થસે.

## મતલબ

તમો આ ઈનસાની ખસલતથી અને હાલતથી દરગુઝર કરો અને મુકીદો. ફરીશ્તાની ખસલત ને હાલત જેવી હાલત ને ખસલત પેદા કરો ઓ મારી દીલ તેમ જો કદી ઇનસાનને ફરીશ્તા જેવી ખસલતો અને હાલતો નહિ હોય તો આ ઈનસાની હાલત અને ખસલતની અંદર ઇનસાનને કેવો લાભ અને ફાયદો હાંસલ થસે સબબ જે ઈનસાન જ્યાં સુધી ઇનસાની હાલતની અંદર છે. ત્યા સુધી ફકત જાહેરી ચાલ ચલણની સમજુતી રાખે છે. મગર જ્યારે ફરીશ્તાની હાલત પૈદા કરે છે, ત્યારે તેને મારફત ના રસ્તાની સમજુતી આવે છે જેની અંદરથી અનેક અનેક ફાયદાઓ હાસલ કરે છે. જેનો જ્ઞાન શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી ઉંચા ઉંચા પરવત વસમી છે ઘાટજી
તીઆં ચડી જોઉ મારા સત ગુરૂની વાટજી
તો હેતના મેળા મેળાવો આપણ સત ગુરૂ સું કીજે
ભાઈ મનના મેળા મેળાવો આપણા બાર ગુરૂજી સું કીજે
ધુતારો સંસાર સરવે છાડી મુકીને
ભાઈ ઠગારો સંસાર શાહને નામે તરીજે
એડે સંસારમ ભલા સુ ક્રમ કામ કીજે.

૭૯—ઝ શખ્સ મફખર તબ્રોઝ ઉનકે નુર નયાફ્ત
વજુદ તીરએ ઉરા દીગર ચી સુદ કુનદ

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ઝ | થી | વજુદ | જીવ |
| શખ્સ | શખ્સ | તીરએ | અંધારાને |
| મફખર | ઉત્તમ | ઉ.ા | તેના |
| તબ્રોઝ | તબ્રિઝનામુલકના | દીગર | બીજું |
| ઉનકે | જો કોઈ | ચિ | શુ |
| નુર | નુરે તેજ | સુદ | ફાયદો |
| નયાફ્ત | હાસલ નહિ કર્યું | કુનદ | કરશે |

## માયના

જે કોઇ શખસને એવા ઉત્તમ મરતબાવાલા શમ્સ તબ્રિઝ જેવા પાસેથી નુર હાસલ ન કર્યું તો એવા અજ્ઞાનિ જીવને બીજી કઇ વસ્તુ ફાયદો કરશે.

## મતલબ

જે કોઈ શખસને એવા ઉત્તમ મરતબાવાલા શમ્સ તબ્રિઝ જયાશી મારફત તેના નુરનો તજલો યા ગુરૂ મંત્ર હાંસલ ન કર્યું ત્યારે તે શખસના એવા અંધકાર વાલા અને અજ્ઞાની જીવને બીજી કઈ ચીજ અસર કારક થશે જેમાંથી તે ફાયદો હાંસલ કરે જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી મુરશીદ કામલકુ નહિ પીછાને મોમન
સોતો જગમાં ફરે જઈસા અંધા

## બીજો પાઠ

એજી ઈલમ આલકા કયા ન માને
મને આપે ડાહયા થાશે જી

ભણે પીર શમ્સ શુણો રે ભાઈ મોમનો
તે નિશ્ચે દોજખ જાશેજી

૮૦—ચંદાન દુઆ કુન અંદર નાહાન ચંદાન બનાલ અંદર શબાન.

કુઝ ગુંબદે હફ્ત આસમાન દર ગુશ તો આયદ નદા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ચંદાન | કેટલી | કઝ | જેથી |
| દુઆ | ઈબાદત | ગુંબદે | ગોળો, ચક્કર |
| કુન | કર | હફ્ત | સાત |
| અંદર | અંદર | આસમાન | આકાશ |
| નાહાન | છુપાએલી | દર | અંદર |
| ચંદાન | કેટલો | ગુશ | કાનમાં |
| બનાલ | ઝારીકર | તો | તારા |
| અંદર | અંદર | આયદ | આવે |
| શબાન | રાત્રીઓ | નદા | અવાઝ |

## માયના

છુપાએલી યા ઘટની અંદર કેટલી ઈબાદત ને બંદગી કર, અને રાત્રીઓમાં કેટલી સ્તુતી કર જે સાતમાં આસમાનના ચકકરથી તારા કાનમાં અવાઝ આવે.

## મતલબ.

છુપી મધરાતની વખત કેટલી ઈબાદત ને બંદગી ને ઝીકર કરસે અને તે ઇબાદત ને બંદગીની અંદર કેટલી નીઝારી ને સ્તુતી કર કે જે સાતે આસમાનોથી તમારા કાનની અંદર અવાઝ આવે. જેવી રીતે શુએબ અને યાહીઆ પેગમ્બરોના કાનમાં અવાઝ આવ્યો જેમ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એ વીરા ભાઈ અરઝ કરો બંદા મહેરજ માગો
ઝીકર ફીકર કરી તમે રેહેણી માંહે જાગો

## બીજો પાઠ.

એ.જી પુરૂખ ઉતમ સું જાણી શાહજીની શેવા કરો
રે રાત્યા કરો રે ઉજાગા

૮૧—બુંગે શુઅઈબો નાલેઅશ ચુન અશક હમચુન જાલેઅશ
ચુન શુદ ઝ હદ અઝ આસમાન આમદ સીહર ગાહશ નિદા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ખુંગે | પોકાર,અવાઝ | ચુન | જ્યારે |
| શુઅઈબો | એકનબીનુંનામ | શુદ | થયુ |
| નાલેઅશ | તેની કલ્પના | ઝ | થી |
| વુન | અને તેના | હદ | બે શુમાર |
| અશક | આંખોનુંપાણી,આસુ | અઝ | થી |
| હમચુન | માફક | આસમાન | આકાશ |
| જાલેઅશ | તેના વરસાદનીધાર | આમદ | આવ્યું |
| | | સહરગાહશ | પ્રભાતનાવખનેતેને |
| | | નિદા | બશારત |

## માયના

શુઅઇબ પેગમ્બર ઇબાદત અને બંદગી કરતો હતો અને રડતો હતો ને તેની આંખોમાંથી વરસાદની ધાર માફક પાણી પડતુ હતું. જ્યારે હદથી વધારે થયું ત્યારે આકાશમાંથી પ્રભાતની વખને તેને અવાઝ થયો.

## મતલબ

એક નબી શુઅઈબ નામનો હતો જે હઝરત મુસા પેગમ્બરનો સસરો થાય તે અરધી રાતના વખતમાં એટલો રડતો હતો અને

કલપના કરતો હતો, ઈબાદત બંદગીની અંદર જ્યારે હદથી જીયાદા રહયો ત્યારે મધરાતના વખને તેને આકાશમાંથી અવાઝ થયો ને બશારત આવી તો પણ પોતાની ઈબાદત બંદગીની ઉપર મગરૂર થયો નહીં. જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એ અબદુ ચાંદો સુરજ દોઈ રકી રાખો
અને મન ચીત ધરો ઈસ દંડી
સુખ મણા તંતી વાજણાલાગી
એ ભેદ કસેજ ખંડી અબદુ
તે જોગી જુગમાં જાકુ મન દુજારે નાહીં
અબદુ તે જોગી જુગમાં

## ૮૨—ગર મુજરમી બખશીદમત વર ઝાલમી આમુરઝીદમત ફીરદઉસ ખાહી દાદમત અઝ દુઝખત દાદમ નજા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગર | અગર | ફીરદઉસ | બહીશ્ત |
| મુજરમી | તકસીરવારછો | ખાહી | માગોછો |

| | | | |
|---|---|---|---|
| બખ શીદમત | મેતને માફ કર્યું | દાદમત | મેતને આપીદીધો |
| વર | અને અગર | અઝ | થી |
| ઝાલમી | જાલમછે | દુઝખત | દોજખ નર્ક |
| આ સુરઝીદમત | મેતનેમોક્ષગતીઆપી | દાદમ | અમેઆપીદીધો |
| | | નજા | છુટકારો |

## માયના

અગર તમે તકસીરદાર છો તોઅમે તમને માફ કર્યું અને અગર તું જાલમ છે તો પણ મે તને મોક્ષ ગતી આપી અગર તું બહીશ્તની આહેના રાખે છે તે પણ અમોએ તમને આપી દીધું અગર દોજખના ડરથી ડરે છે તો પણ તેથી તને છોડાવ્યો.

## મતલબ

શુઅઇબ પેગમ્બરને બશારત થઈ અગર તુ કેટલો પણ ગુનેગાર છે તો પણ મે તને આ ઈબાદતને બંદગી અને કલ્પના અને રડવાને લીધે માફ કર્યું અને અગર તું જાલીમ જુલમ કરનારો છે તો પણ મે તને મોક્ષ ગતી આપી અને અગર બહીશ્તના સુખના સારૂ રડો છો તે પણ તમને આપ્યું. અને દોજકના દુઃખોથી ડરો છો તેથી પણ તને છોડાવ્યો જેનો જ્ઞાન શરીફમાં ફરમાવે છે.

# જ્ઞાનનો પાઠ

એજી જસે છાડા વ પીચુકા
તીસે નીંદ ન આવેરે
જીવ ગુમાવે આપણા
અને ઝીકર કરે સત સાથરે

૮૩—ગુફતા નઈન ખાહમ નઉન દીદાર તો જુયમ અયાન
ગર હફત બહર આતીશ શીઁદ મન દર શીવમ બહરે લકા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગુફતા | તેણે કહયું | ગર | અગર |
| નઈન | નઈઆ | હફત | સાત |
| ખાહમ | માગુ છું | બહર | દરીઆ |
| નઉન | નહિં ને | આતીશ | આગ |
| દીદાર | દરશન | શીઁદ | થઈજાય |
| તો | તારો | મન | અમે |
| જુયમ | જોઉં છું | દર | અંદર,બહાર |
| અયાન | પ્રગટ | શીવમ | જઈશ |
| | | બહરે | વાસ્તે |
| | | લકા | દરશન |

## માયના

તે વખત શુઅઈબે અરઝ કરી યા બારીતઆલા નહીં આ માગુ છું નહિ તે માગું છું મગર પ્રગટ તારા દરશનની ઇચ્છા રાખું છું અગર સાત દરીઆ આગના થઈ જાય તો પણ તેના અંદરથી તારા દરશન માટે બહાર નીકલી આવું.

## મતલબ

જ્યારે શુઅઇબ પેગમ્બર ને બશારત આવી ત્યારે તેણે હઝરત ખુદાએતાલાના દરબારમા પોતાનુ મથુ ઝુકાવી અરઝ કરી બારી-તાઆલા તારી મહેરબાનીથી નહિ બહીશતની ચાહના રાખુ છું નહિ પણ દોજખની આગની બીક મને છે. તેના સીવાય સાત દરી આ કદી આગના થઇ પડે તો પણ તેના અંદરથી તારા દરશનને માટે બહાર નીકલી આવું. આટલો તારા દરશનનો પીઆસો છું જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનના પાઠ

જો દોજક માંહે શાહકુ પાવે
સીરશુ માંહેથી ફીર ફીર આવે
દોજક ઉપર ચલીઆ જાવે
દોજક આચ સું સબ કોઇ ભાગે
સો તો આંચ મુજે ઠંડી લાગે

## બીજો પાઠ

હુ રે દરશન બીન બાવરી
એ સાજન ઘેર આવ
બંદો ભુલીઓ તારી બંદગી
શાહીઆ સુરતી બતાવ.– હુ રે દરશન બીન બાવરી

૮૪—જન્નત મરા બી રૂય તો હમ દુઝખસતો હમ અ દુ
મન સુખતમ ઝીન રંગો બુ બી મુજદેએ અનવારે લકા

### શબ્દાર્થ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જન્નત | બહીશ્ત | મન | અમે | | | | |
| મરા | મને | સુખતમ | સળગી ગયો | | | | |
| બી | વગર | ઝીન | એનાથી | | | | |
| રૂય | મોહ ચહેરો | રંગો | રંગ,ને | | | | |
| તો | તમારે | બુ | વાસ | | | | |
| હમ | પણ | બી | સીવાય | | | | |
| દુઝ ખસતો | નરક છેને | મુજદેએ | વધામણી | | | | |
| હમ | પણ | અનવારે | પ્રકાશ તેજ | | | | |
| અંદુ | શતરૂ વેરી | લકા | દરશાન | | | | |

## માયના

ત્યારે શુઅઈબેઅરઝ કરી બહીશ્ત તારા દરસન વગરનું દોજ ખના મિસાલ અને શતરૂ રસાલ લાગે છે હું તે વાતોથી બળી જાઉ છુ જયા દરશનના રંગ અને વાસના નહિ હોય

## મતલબ

ત્યારે શુઅઇબ પેગમ્બરે અરઝ કરી યા બારીતઆલા જે બહીશ્તના અંદર તારૂં દરશન નહિ હોય તે બહીશ્ત નથી તે દુશ્મનને શતરૂના મીસાલ લાગે છે તેમ જેજે માણસને તારા દરશનના રંગ અને વાસના નહી હોય તે જોઇ અમને બળતરા થાય છે તેના પાસેથી હું છેટે નાસી જાઉ છું જેને જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

સ્વામી સરગ માંહે અમે નહિ રહીએ
જયાં નહી દરશન નહિ દીદાર
જેમ સોલ સીંગાર સોભતી
પુરૂષ વિના જેમ નાર

## બીજો પાઠ.

એજી હુંરે પીઆસી પીઆ તેરે દરશનકી

આસ પુરાવો એ પીઆં મેરે મનકી
હું રે પીયાસી આસ તારી ચીંતા હમારી કશુ નકરો
આ ખીઝમત ખાસ ખવાસ તેરી એ રૂઠા સાજન કાંઇ ફીરો

## ૮૫—ગુફ્તંદ બારી કમગરી તાકમ ન ગરદી મુબસરી ફીન ચશમ નાબીના શીવ્દ ચુન બુગઝરદ અઝ હદ બકા

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગુફ્તંદ | ફરમાવ્યુ | ફીન | જેઆ |
| બારી | અગર | ચશમ | આંખો |
| કમ | થોડું | નાબીના | આંધલીઉ |
| ગરી | રડોછો | શીવ્દ | થઇજાય |
| તા | સુધી | ચુન | જયારે |
| કમ | થોડું | બુગઝરદ | ગુઝરીજાય |
| નગરદી | નહિથાઓ | અઝ | થી |
| મુબસરી | તારીઆંખો | હદ | શુમાર |
| | | બકા | બેશુમારવધારે |

### માયના

ત્યારે હઝરત ખુદાએતઆલાના ફરમાન મુબારક શુઅઇબને થયો જે આતો તું થોડો રડે છે અને કલ્પના કરેછે મગર

તારી આખી હયાતીની અંદરઆટલો રડો ને કલ્પના કરો કે આ તારી આંખો આંધલી થઇ જાય.

## મતલબ

ત્યારે હઝરત ખુદાએ તઆલાનો ફરમાન મુબારક શુઆઇબ પેગમ્બરને થયો જે આતો તું થોડો રડે છે અને કલ્પના કરે છે મગર તારી આખી હયાતિની અંદર આટલું રડો અને કલ્પના કરો જે આ બે આંખો તારી એકદમ આંધળી થઇ જાય તોપણ મારૂં દરશન પ્રગટ થનાર નથી જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

જ્યાં સુધી તારા તન માંહે પ્રાણ
સાસ ઉસાસ લેવું હરીઅનું નામ

## બીજો પાઠ

એજી જહાં લગી મારા મુનીવર ભાઈ તમે
દરગે જાઇ પહોંચોજી
તાંહા સુધી દુનીઆંસુ દાવો મ કરજોજી

## ૮૬—નીસ્ત મુશકલ પીશ અરબાબે નઝર વાસલ શુધન અઝ ખુદીઓ ખુદ ગુઝશતન લેઈકે મુશકલ બુઉદે અસ્ત

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| નીસ્ત | નથી | અઝ | કનેથી |
| મુશકલ | મુશકીલ | ખુદીઓ | આપ ખુદીને |
| પીશ | નજદીક | ખુદ | પોતે |
| અરબાબે | માલેક | ગુઝશતન | જુદો પડવુ |
| નઝર | દાનાઈના | લેઈક | તોપણ |
| વાસલ | વાસલ | મુશકલ | મુશકીલ |
| શુધન | થવું | બુઉદે | થયો |
| | | અસ્ત | છે |

### માયના

જે લોકો અકલવાલા અને દાના છે તેઓને આગળ ખુદાની સાથે વાસેલ થવું કાંઈ મોટી વાત નથી, પણ પોતાની આપ ખુદીને મુકી દેવું અથવા તેથી જુદુ પડવું એ મહા મુશકીલી છે

### મતલબ

જે દાના હુશીયાર અને અકલમંદ લોકો પાસે ખુદાતાલા ને નઝદીક થવું એ કાંઇ મોટી વાત નથી સબબ કે તેઓને આવના

સહેલ છે; તો હરેક માણસ પોતાની આપ ખુદી ને મુકી દેવું અને આપ ખુદીમાંથી નીકળી જાએ એ ઘણું કઠણ છે જેનો શાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી જુગ માંહે ચેતણીઆ,
તાંકુ મુશકીલ નાહી;

## પાઠ બીજો

આચાર કરે ન જાણું ભેદ
માણુક મોટો ન પડીઆ છેદ;
સંગત કંતાં સઉ કોઈ પેખે,
સતગુરૂ પીરમાહકુનઇચડેન દેખે;

૮૭—જુઉન બસગ નાન અફકની સગ ભુઉ કુનદ ઉનગાઙ
ખુરદ
સગ નઇ શીરી ચ ભાશદ બહર નાન ચ'ધીન શતાબ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| જુઉન | જેમ | સગ | કુતરો |
| બસગ | કુતરાને | નઇ | નહિ(નથી) |

| | | | |
|---|---|---|---|
| નાન | રોટલી | શીરી | વાઘછો |
| અફકની | ફેંકીતીએ | ,, | સું |
| સગ | કુતરા | બ.નાથ | છ |
| ભુક | વાઅલીએ | બહેર | માટે |
| કુનધ | કરે છે | નાન | રોટલી |
| ઉનગહ | તેવખતે | ચંધીન | એટલી |
| ખુરધ | ખાએછે | શતાબ | તાકીદ |

## માયના

જે રીત કુતરાને રોટલીના કટકા ફેકી દેવામાં આવે છે ત્યારે પહેલાં તે કુતરો તેની વાસ લે છે ત્યાર પછી તે રોટલી ને ખાએ છે ત્યારે તમો તો કુતરા નથી વાઘ છો શા માટે રોટલીને લીધે એટલી કોશેશ કરોછો.

## મતલબ

કુતરાને પણ એટલા સા ા તથા નગ્સાની ખબર પડે છે જયારે આપણે તેને રોટલીનો કટકો ફેકી આપ્યે છીએ ત્યારે પહેલે તે કુતરો તે રોટલીની સુગંધ લીએ છે તે બાદ તે રોટલીને ખાય છે, ત્યારે તમેતો કુતરા નથી પણ વાઘ છો અથવા તમારો આતમા ઉમદા વસ્તુ છે તે ખુદાએતાલાના નુરી સમુદ્ર માંથીછે ત્યારે તમારો હાલવું ચાલવું સર્વે તેના માફક જોઈએ, ત્યારે આ રોટલીના કટકા માટે એટલી એટલી ઉતાવલ શું કરવા કરવી જોઈએ. જેનો જ્ઞાને શરીફમાં ફરમાવેછે.

## જ્ઞાનનો પાઠ

ભુખા ભુખા કર જગ માહે ધાવે,
હમેય શરમ તુજે લાજ ન આવે
જીને એતા ગડીઆ ગાટ
સો કીયું રાખે તુજે રોટીઅ માટ

**૮૮—ધર હરઉિન મુરધે કે ભીની ઝંગુલી કુભી કે જાન**
**જાન અઝ કુજા રંગ અઝ કુજા જાન રા ભજીઉ જાનરા**
**બીયાબ**

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ધર | અંદર | જાન | આતમા |
| હરઉિન | હરકોઇ | અઝ | કનેથી |
| મુરધે | મરેલાને | કુજા | ક્યાં |
| કે | જે | રંગ | રંગ જીસમ |
| ભીની | જ, ઓછો | અઝ | કનેથી! |
| ઝંગુલી | ચચટી | કુજા | ક્યાં |
| કુભી | વગાડોછો | ભજીઉ | તલામકર ગોતનાર |
| કે | જે | જાનરા | આતમાને |
| જાન | આતમા | બીયાબ | હાસલકર |

## માયના

હરેક મુરહાને તમે જુઓ છો ત્યારે ચપટી અથવા તાલીઓ વગાડોછો જે હવે ઠીક થયું આતમા સું છે આતમા ક્યા થીજ આવ્યો ત્યારે તમે તે આતમાની તલાશ કરો કે જેની સાથે તમારો મેલાપ થાએ

## મતલબ

હરેક વસ્તુ આએ જગતની તે મુરાહના મીસાલ છે તેમને તમે જોઇ ખુશી થાઓ અને તે ઉપર ખુશી કરો અને તેમને તમો સારૂ કરી સમજો ત્યારે આ હરખ ક્યાંનો અને આ રંગ રૂપ જેટલા આ દુનીઆના તે સર્વે ક્યાંના ત્યારે તમારા ઉપર ફરજ છે જે અસલી ચીઝની, ગોતના કરો -જે મુરશીદ કામીલ છે ને નુર હઝરત ખુદાએતાલા નુ છે; તેની સાથે તમારો મેલાપ થાએ જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ

એજી અઇસા પીર જો પાઇએ,
તો મોહેર છાપ બીહશતની હોવે
ઈયા કઈક સઉદા કરી ગયા
અને કંઈક ગયા મુળજ ખોઈ

## ૮૯—ખાબ ગફલત ભસતે કુલ્લી બીધીહાયે ખલક રા વરન ઉન ખુરશીધ પઇધા હસત ધાએમ બીહીજાબ

### શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ખાબ | ઉંઘ | વરન | નહિતો |
| ગફલત | ગફલતની | ઉન | તે |
| ભસતે | બાધ્યાછે | ખુરશીદ | સુરજ |
| કુલ્લી | એકદમ | પઇધા | જાહેર ખુલ્લો |
| બીધીહાયે | આંખો | હસત | છે |
| ખલક | ખલકત | ધાએમે | હમેશા |
| રા | ને ના | બીહીજાબ | વગર પડદે |

### ભાવના

ગફલતીની ઉંઘે બીલકુલ એકદમ ખીલકતની આંખોને બંધ કરી મુકયું છે અગર નહિતો તે સુરજ હમેશા વગર પડદે જાહેર અને પ્રગટ છે.

### ખુલાસા:

આએ દુનીઆની અંદર ગફલતની ઉંઘે બીલકુલ એકદમ ખીલકતની આખોને બંધ કરી મુકયું છે અગર નહિતો તે સુરજ હકીકી ખુદાએતઆલાનો નુર હરહમેશ અંદર પડદે જાહેર અને

પ્રગટ છે પણ ગફલતના આપ રૂપી પડદા ને લીધે જાહેર નજર રે જોવામાં આવતો નથી જેમ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

અબુજીરે વીરા તમે ગફલતે ન સુભીઓરે, મુનીવરા૦
તમે તો નીદરાએ પડીઆ રે; અધોરે
તીઆં સતનુ માલ સર્વે ખોએસો,
તેતો લુંટે છે માએલો ચોર

## બીજો પાઠ

સત ગુરૂ કહેરે જીસ ગટ ઈમાન પ્રગટીઆ
તીસે ગફલત હોવે દુર
તીઆ અંધેરા કીઆ કરે
જીઆ સત ગુરૂ કેરા નુર

૯૦—ગર અઝીન ધુરરી કે.ધારા.બાર કદ્દત આગેહ રાવી
હમચ ધરીઆ અંધેરાઈ ખુશ ખુશાન ધર એઝતરાબ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ગર | અગર | હમચ | માફક |
| અઝીન | એનાથી | ધરીયા | સમુદ્રને |

| | | | |
|---|---|---|---|
| ધુરરી | મોતી | અંધરાઇ | આવે |
| કે.ધારી | જેતમારીપાસેછે ખુશ | | ખુશાલી |
| ભર | માથે | ખુશાન | ખુશાલીમાં |
| ફક્ત | તમારીહથેલી | ઘર | અંદર |
| આગેહ | સાવચેત | એઝતરાબ | જોશનીહાલતમાં |
| શવી | થાઓ | | |

## માયના

અગર જો આએ મોતી યા હીરો જે તમારા હાથની હથેલીમાં છે તેના કર્તા જો તમે સાવચેત થાઓ તો તમે સમુદ્રની માફક આવી જાઓ ખુશાલી માંહે અને ખુશાલીની હાલતમાં હમેશા જોશમાં રહો.

## મતલબ

અગર જો આ આતમાં રૂપી મોતી જે તમારી અંદર છે અથવા હઝરત ખુદાએ તઆલાના નુર ને પ્રકાશ જે મોતી અને હીરા મીસાલ છે તમારા માંહેછે તેનાથી જો કદાચ તમે સાવચેત થાઓ તો આએ હીરો કેવો અને કઇ ચીઝ છે તો સમુદ્રની હાલતમાં હમેશા જોશમાં રહો જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

એજી મનને મારો તો ગુરૂ કહે મુજને મીલો
રાખું મારા તનડા માંહે ટાંકીજી
હીરલો આવ્યો તારા હાથ માહે
જોજો વીરાં જ્ઞાન વીચારીજી
સંતસુ સમજીને રહે અવર દુજાને ના કહે

૯૧—હમચ ગંજી મુંદે પન હાન ઝીર ઇન ધીવાર તન
ગર તુરા ઉન ગંજ બાયધ મીકુન તો ઇન તનરા ખરાબ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| હમચ | મ.ફૂક | ગર | અગર |
| ગંજી | ખઝાનો | તુરા | તંમને |
| મુંદે | રહઆટો | ઉન | તે |
| પનહાન | છાનાછુંકાએલા | ગજ | ખઝાનુ |
| ઝીર | નીચે | બાયધ | જોયતુ હોય |
| ઇન | આએ | મીકુન | કરીનાખ |
| ધીવાર | દેવાલ | તો | તું |
| તન | શરીર | ઇન | આએ |
| | | તનરા | જીસમને |
| | | ખરાબ | ખરાબ |

## માયના.

અકે ખઝાનાના મીસાલ છુપેલો છે. આએ શરીરની દેવાલ નીચે અગર જો તમનેઆએ ખઝાનો જોઈતો હોય તો આએ જીસમ રૂપી દેવાલને પાડી નાખ.

## મતલબ

એની અગાઉ જે હીરાનું વર્ણન કરવામાં આવ્યું તે હીરા

એક ખજાના ( દોલત ) ના માફીક આએ કાયા જીસમ દેવાલ નીચે ગફલત અને પાપ કર્મોથી ઢંકાઈ ગયેલો છે તેમાં જો અગર તમને તે ખજાનાની જરૂર છે તો આએ જીસમને ગફલત અને પાપથી દુર રહી તેને બચાવો અને ગફલત ને બરબાદ કર અને આએ શરીરને ઝકર ને બંદગીનાં ખુબ કસાઓ તો તે ખઝાનો તથા હીરો જે હઝરત એ ખુદાતાઆલાના નુર નો પ્રકાશછે તે જાહીર થાએ અને તે હીરો અને તે ખઝાનો તમારી નઝરે આવે જેનો જ્ઞાને શરીફમાં ફરમાવે છે

## જ્ઞાનનો પાઠ

જહા લગ પારામાંગંધકજ હોવે
તહા લગ દેહાનુ કએસે સોવે
જબ વેએ ગંધક નીકલ જાવે
તબ વેએ પારા હાથજ આવે

## બીજો પાઠ

એજી તીલા માહે તેલ હએ અને કાક માહે અગન
તીયું તુજ માંહે સાંયા વસે ભાઇ માથે તો પ્રગટ જાણ

**૯૨—તા બીચાબી ધર ખરાબી નાગેહ આબાધાનેઈ**
**અઝ ધરે ધીવારશ આયધ હરનફ્સ ધરજાન ખતાબ**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| તા | ત્યાં સુધી | અઝ | પાસેથી |
| બીચાબી | હાસલ કરવું | ધરે | દરવાજાને |
| ધર | અંદર | ધીવારશ | દેવાલ તેની |
| ખરાબી | ખરાબીમાં રણભુમી | આયધ | આવે |
| નાગેહ | ઓચીંતો | હરનફ્સ | હરઘડી |
| આબાધાનેઈ | એકઆબાદી (એક વસ્તી) | ધરજાન | જાનની અંદર |
| | | ખતાબ | અવાઝ |

## માયના

ત્યારે આએ રણ ભુમી માંથી મોટી વસ્મી તમારા જોવાંમાં આવશે ત્યારે તેના દરવાઝાને ને દેવાલ કનેથી હર ઘડી તમારા જાનમાં અવાઝ આવશે.

## મતલબ

જ્યારે ગફ્લતના પાપોથી પોતાના જીસમને બચાવશે ત્યારેજ કાયાનો સ્વભાવ નહિ રહેશે ત્યારે એવા ગએર વસ્તી માંથી એક

વસ્તી અને આબાદી તમારી નજરે જોવામાં આવસે જે હર હમેશા કાએમ અને દાએમ રહેવાની છે ત્યારે તે આબાદીના દરવાઝે ત્થી હેવાલ કનેથી તમારી જાનની અંદર હરઘડી અવાઝ થસે જેમ જ્ઞાને શરીફમાં ફરમાવે છે.

## જ્ઞાનનો પાઠ.

દેહા ગંધક સરીખી જાણો
પીયુજી પારા માંહે દેખ પીછાણે
ગંધક જાકર અલગા હોવે;
પીયુજી પારા તો પ્રગટ જોવે; અએસો તનમાહે પીયુજી દેખે
પારા માંહે ગંધક જીયુ દેખો

૯૩— સદ જહાન આબાદ બીની ધર ખરા સાતી કે હસ્ત,
